RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

સૌરાષ્ટ્ર આસપાસ

BHAVNAGAR
www.aaspassdaily.com

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ આસો વદ -૧૨ શુક્રવાર તા.૦૬-૧૧-૨૦૨૬ અંક : ૧૦ વર્ષ : ૨૪ news@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

હિમાચલ પ્રદેશ- તેલંગાણામાં ભૂકંપના આંચકા અનુભવાયા



તેલંગાણાના નારાયણ પેટ તથા હિમાચલના ચંબામાં આવેલા ભૂકંપની તીવ્રતા ૩.૨, કેન્દ્ર બિંદુ જમીનથી ૧૫ કિલોમીટરની ઊંડાઈએ

નવી દિલ્હી,

શુક્રવારની સવાર દેશના બે અલગ-અલગ વિસ્તારોમાં ભૂકંપના આંચકા સાથે શરૂ થઈ હતી. વહેલી સવારે અચાનક ધરતી ધ્રૂજતાં હિમાચલ પ્રદેશના ચંબા અને તેલંગાણાના નારાયણપેટમાં લોકોનું ધ્યાન ભૂકંપ તરફ ખેંચાયું હતું. ખાસ વાત એ છે કે એક જ દિવસે બે અલગ રાજ્યોમાં ભૂકંપની ઘટના નોંધાઈ છે. ચંબામાં ભૂકંપની તીવ્રતા ૩.૨ માપવામાં આવી હતી, જ્યારે તેનું કેન્દ્ર જમીનથી ૧૫ કિલોમીટરની ઊંડાઈએ હતું. જોકે, સદનસીબે બંને સ્થળોએ કોઈ જાનહાનિ કે મોટા નુકસાનના સમાચાર નથી.

મળતી માહિતી મુજબ, હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાં શુક્રવારે સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. સવારે ૬ વાગ્યાને ૫૯ મિનિટ અને ૪૬ સેકન્ડે ધરતી ધ્રૂજી હતી. વહેલી સવારે ભૂકંપના આંચકા અનુભવાતાં સ્થાનિક લોકોમાં થોડી ચિંતા જોવા મળી હતી. જોકે, આ ભૂકંપના કારણે કોઈ જાનમાલનું નુકસાન થયું હોવાની માહિતી સામે આવી નથી. સામાન્ય રીતે ભૂકંપની અસર તેની તીવ્રતા, જમીનની ઊંડાઈ અને ભૂકંપના કેન્દ્રથી લોકો કેટલા દૂર છે તેના પર આધાર રાખે છે. ભૂકંપના આંચકા અનુભવાય ત્યારે ગભરાવાને બદલે સાવચેતી રાખવી જરૂરી છે.

જો, ઘરની અંદર હોવ તો મજબૂત ટેબલ નીચે આશરો લેવો અને બારીઓ તથા ભારે વસ્તુઓથી દૂર રહેવું જોઈએ. લિફ્ટનો ઉપયોગ કરવાને બદલે સુરક્ષિત રીતે બહાર નીકળવું જોઈએ. ખુલ્લી જગ્યામાં હોવ તો ઈમારતો, વીજળીના થાંભલા અને વૃક્ષોથી દૂર રહેવું જોઈએ. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર માપવામાં આવે છે. તીવ્રતા જેટલી વધારે હોય, સામાન્ય રીતે તેની અસર એટલી વધુ થઈ શકે છે. જોકે, ભૂકંપની અસર માત્ર તીવ્રતા પર જ નહીં, પરંતુ તેનું કેન્દ્ર કેટલું ઊંડે છે તેના પર પણ આધાર રાખે છે.

PoKમાં પાકિસ્તાની સેનાનો ગોળીબાર, ૭નાં મોત

મશીનગન અને ડ્રોનથી પ્રદર્શનકારીઓ પર હુમલો કર્યો

રાવલકોટ,

પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (PoK)ના રાવલકોટમાં પ્રદર્શનકારીઓ પર પાકિસ્તાની સુરક્ષા દળોએ ગોળીબાર કર્યો છે.આ ઘટનામાં ઓછામાં ઓછા ૭ લોકોનાં મોત થયા છે,

જ્યારે ૧૮ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. મૃતકોમાં બાળકો પણ સામેલ છે. યુનાઈટેડ કાશ્મીર પીપલ્સ નેશનલ પાર્ટીએ આરોપ લગાવ્યો છે કે સુરક્ષા દળોએ શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહેલા લોકો પર ભારે મશીનગનો અને ડ્રોનથી હુમલો કર્યો.

આ ઘટના અંગે હજુ સુધી પાકિસ્તાની અધિકારીઓનું કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી.

યુનાઈટેડ કાશ્મીર પીપલ્સ નેશનલ પાર્ટ મુજબ, પાકિસ્તાની સુરક્ષાદળોએ મટિયાલમેરા બસ ટર્મિનલ, ઉમર ફારૂક ચોક અને રાવલકોટના અન્ય સ્થળોએ ચાલી રહેલા ધરણાં પર કાર્યવાહી કરી. પાર્ટીએ આરોપ લગાવ્યો કે સુરક્ષાદળોએ પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કરવાની સાથે ડ્રોનથી પણ હુમલા કર્યા. આ દરમિયાન ભારે મશીનગનો અને બખ્તરબંધ વાહનોનો ઉપયોગ કરવામાં આવ્યો

ગુજરાત હાઈકોર્ટ, CM ઓફિસ બોમ્બથી ઉડાડી દેવાનો ધમકી ભર્યો મેઈલ મળ્યો

બોમ્બ-ડોગ સ્કવોડ પહોંચી, પરિસરમાં સુરક્ષા વ્યવસ્થા વધારાઈ, પોલીસ એલર્ટ

ગાંધીનગર,

ગુજરાતમાં અવારનવાર હાઈકોર્ટ અને શૈક્ષણિક સંસ્થાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળવાનો સિલસિલો યથાવત છે. દિવાળી પૂર્વે વધુ એક વખત ગુજરાત હાઈકોર્ટને તથા સીએમ હાઉસને ઈ-મેઈલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ગંભીર ધમકી મળી છે. જેના કારણે હાઈકોર્ટ પરિસરમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો.આ ઉપરાંત બપોરે ૩.૧૧ વાગ્યે સીએમ ઓફિસમાં પણ બોમ્બની ધમકી આપવામાં આવી છે. ખાલીસ્તાન નેશનલ આર્મીના નામનો ધમકીભર્યો ઈ-મેઈલ મળતા ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ (BDS), ડોગ સ્કવોડ અને પોલીસ કાફલો તાત્કાલિક હાઈકોર્ટ પહોંચી ગયો હતો અને સમગ્ર કેમ્પસમાં સઘન તપાસ હાથ ધરી હતી.

આ ઈ-મેઈલમાં આગામી સમયમાં મોટા વિસ્ફોટો કરવાની પણ ધમકી આપવામાં આવી છે. ઈ-મેઈલ મુજબ ૮ અને ૨૭ નવેમ્બર સુધી બોમ્બ ધડાકા થશે તથા ૨૧ નવેમ્બરે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાનાર દિલજિત દોસાંજની કોન્સર્ટ દરમિયાન આઈડી બ્લાસ્ટ કરવાની ધમકી અપાઈ છે. આ ઉપરાંત, મુખ્યમંત્રી કાર્યાલય (CMO) ખાતે બપોરે ૩.૧૧ વાગ્યે બ્લાસ્ટ થવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે. સુરક્ષા એજન્સીઓ આ મામલે અત્યંત સતર્ક બનીને વધુ તપાસ ચલાવી રહી છે.

તૂર્કિયેમાં બંદૂકધારીનો ત્રણ ગામોમાં ખૂની ખેલ: આડેધડ ગોળીબારમાં આઠનાં મોત

અંકારા-ઈઝ્મીર વચ્ચેના ગ્રામીણ વિસ્તારમાં ફાયરિંગથી હાહાકાર; એકની હાલત ગંભીર

તૂર્કિયે,

તૂર્કિયેના પશ્ચિમી ગ્રામીણ વિસ્તારમાં ગુરુવારે એક હચમચાવતીઘટના બની છે. એક બદમાશ બંદૂકધારીએ ત્રણ અલગ-અલગ ગામોમાં આડેધડ ગોળીબાર કરીને તાંડવ મચાવ્યું હતું, જેમાં કમનસીબે ૮ નિર્દોષ નાગરિકોના મોત નીપજ્યા છે, જ્યારે એક વ્યક્તિ ગંભીર હાલતમાં હોસ્પિટલમાં જીવન અને મરણ વચ્ચે જંગ લડી રહ્યો છે. આ ભયાનક ઘટના બાદ સમગ્ર દેશમાં સનસનાટી ફેલાઈ ગઈ છે

અફ્યોનકરાહિસાર ગવર્નર કાર્યાલય દ્વારા જારી કરાયેલા સત્તાવાર નિવેદન અનુસાર આ ગોળીબારની ઘટના રાજધાની અંકારા અને તટીય શહેર ઈઝ્મીર વચ્ચે આવેલા ગ્રામીણ ક્ષેત્રોમાં બની હતી:અહીં રસ્તા પર ગોળીબારનો ભોગ બનેલી બે મહિલાઓના ઘાયલ અવસ્થામાં શબ મળી આવ્યા હતા. તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, પરંતુ રસ્તામાં જ તેમનું મૃત્યુ થઈ ગયું હતું.

જંતર-મંતરની હિંસાની તપાસ હવે સુપ્રીમ કોર્ટની હાઈપાવર કમિટી કરશે

ભૂતપૂર્વ ન્યાયાધીશ આર. સુબ્બાસ રેડ્ડીની અધ્યક્ષતાવાળી સમિતિને વીડિયો ફૂટેજ, ફરિયાદો અને અરજીઓ સોંપવા નિર્દેશ

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે દિલ્હીના જંતર-મંતર ખાતે વિરોધ દરમિયાન થયેલી હિંસાના આરોપો અંગે મહત્વપૂર્ણ સૂચનાઓ જારી કરી છે.

સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો છે કે કેસ સંબંધિત અરજીઓ, વીડિયો અને ફરિયાદો ભૂતપૂર્વ ન્યાયાધીશ આર. સુબ્બાસ રેડ્ડી દ્વારા સંચાલિત હાઈપાવર કમિટીને સુપરત કરવામાં આવે.

કોર્ટે સમિતિને નિયમિત અંતરાલે તેનો વચગાળાનો અહેવાલ રજૂ કરવા પણ કહ્યું છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે પૂરતી સામગ્રીના અભાવે, હાઈપાવર તપાસ સમિતિ જંતર-મંતર વિરોધ દરમિયાન થયેલી હિંસા અંગે કોઈ નિષ્કર્ષ કાઢી શકી નથી.

હાઈપાવર સમિતિ હવે જંતર-મંતર વિરોધ દરમિયાન થયેલી હિંસા સંબંધિત કેસની તપાસ કરશે. સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો છે કે ટ્રાન્સફર અરજીઓ, વીડિયો ફૂટેજ અને કેસ સંબંધિત ફરિયાદો સમિતિને ઉપલબ્ધ કરાવવામાં આવે.

આ સમિતિનું નેતૃત્વ ભૂતપૂર્વ ન્યાયાધીશ આર. સુબ્બાસ રેડ્ડી દ્વારા કરવામાં આવે છે. કોર્ટે નિર્દેશ આપ્યો છે કે સમિતિ ઉપલબ્ધ સામગ્રીના આધારે તપાસ આગળ ધપાવે.

હાઈપાવર ઈન્ક?વાયરી કમિટી જુલાઈમાં જંતર-મંતર પર પ્રદર્શન દરમિયાન પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે થયેલી હિંસાની તપાસ કરી રહેલાએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે દેશભરના ૧૪૯ અખબારોમાં જાહેર નોટિસ પ્રકાશિત કરીને જનતા અને પોલીસ કર્મચારીઓ પાસેથી ફરિયાદો માંગવામાં આવી હતી. જોકે, સમિતિને અત્યાર સુધી હિંસા સંબંધિત ખૂબ ઓછી ફરિયાદો મળી છે. સુપ્રીમ કોર્ટે એ પણ નોંધ્યું હતું કે સમિતિને પ્રદર્શનકારીઓ અને પોલીસ કર્મચારીઓ સામે હિંસાનો આરોપ લગાવતી ખૂબ ઓછી ફરિયાદો મળી છે.

અમેરિકાના શેરબજારમાં ઐતિહાસિક કડાકો, એક જ ઝાટકે ૨.૫ ટ્રિલિયન ડૉલરનું ધોવાણ

ચૂંટણીના પરિણામો અને AI સેક્ટર પર કડકાઈનો ડર, નાસ્ડેકમાં ૫.૫ ટકાનો મોટો કડાકો

વોશિંગટન,

અમેરિકી શેર બજારમાં ગુરુવારે મોટો કડાકો જોવા મળ્યો છે, જેના કારણે મોટી ટેક કંપનીઓની માર્કેટ વેલ્યુમાંથી લાખો-કરોડો રૂપિયાનું ધોવાણ થઈ ગયું છે.

આ ઘટાડાની સૌથી વધુ અસર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે જોડાયેલી કંપનીઓ પર પડી છે. નાસ્ડેક-૧૦૦ની મોટી કંપનીઓના બજાર મૂલ્યમાંથી માત્ર એક જ દિવસમાં ૨.૫ ટ્રિલિયન ડોલર (ભારતીય રૂપિયામાં અંદાજે ૨૩૬ લાખ કરોડ રૂપિયા) ઘટી ગયા છે.

અમેરિકામાં મિડટર્મ ચૂંટણીમાં ડેમોક્રેટિક પાર્ટીએ મોટી જીત મેળવી છે. આ રાજકીય બદલાવ બાદ રોકાણકારોમાં એ વાતની ચિંતા વધી ગઈ છે કે નવી સરકાર AI કંપનીઓના કામકાજ પર વધુ કડક નજર રાખશે. ખાસ કરીને, AI સિસ્ટમ્સ ચલાવવા માટે હજારો કમ્પ્યુટર અને સર્વર્સ ધરાવતા ડેટા સેન્ટર્સના નિર્માણ પર નવા નિયમો લાગુ થઈ શકે છે અથવા તેના નિર્માણની ગતિધીમી પડી શકે છે.

ગુરુવારે બજાર ખુલતાની સાથે જ આ ચિંતાની અસર સ્પષ્ટ દેખાઈ હતી. અહેવાલો મુજબ, ટેક કંપનીઓ સૂચવતા નાસ્ડેક કમ્પોઝિટ ઈન્ડેક્સમાં ૫.૫ ટકાનો ભારે ઘટાડો નોંધાયો હતો. એપ્રિલ ૨૦૨૫ પછી એક દિવસમાં આ સૌથી મોટો ઘટાડો છે. ચિપ બનાવતી કંપનીઓનો ઈન્ડેક્સ પણ આશરે ૧૨ ટકા ઘટીને છ મહિનાના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે. ઓક્ટોબરના રેકોર્ડ સ્તરથી નાસ્ડેક હવે 'કરેક્શન' મોડમાં આવી ગયો છે, કારણ કે તે પોતાના ઉચ્ચતમ સ્તરથી આશરે ૧૨ ટકા નીચે સરકી ગયો છે. ઊંચા વ્યાજ દર વચ્ચે નાની AI કંપનીઓ માટે ફંડ મેળવવું પહેલેથી જ મુશ્કેલ હતું, અને હવે કડક નિયમોની આશંકાએ તેમની મુશ્કેલીઓ વધુ વધારી દીધી છે.

અમેરિકામાં ડેમોક્રેટ્સની જીતથી વિશ્વના ધનિકોને ૩.૧૭.૪૮ લાખ કરોડનો ફટકો

એલોન મસ્કને એક જ દિવસમાં ૩.૭.૫૩ લાખ કરોડનું નુકસાન, સંપત્તિ ઘટીને $૭૮૫ બિલિયન થઈ

વોશિંગટન,

અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીના પરિણામોની અસર હવે માત્ર રાજકારણ પૂરતી સીમિત નથી રહી, પરંતુ વિશ્વના સૌથી ધનિક ઉદ્યોગપતિઓની સંપત્તિ પર પણ તેની મોટી અસર પડી છે. અમેરિકન સંસદના બંને ગૃહોમાં ડેમોક્રેટિક પાર્ટીની જીત બાદ ટેક કંપનીઓના શેરમાં મોટો ઘટાડો નોંધાયો, જેના કારણે વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એલોન મસ્ક સહિતના દિગ્ગજોને મોટું આર્થિક નુકસાન સહન કરવું પડ્યું છે.

બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, ગુરુવારે વિશ્વના ૫૦૦ સૌથી ધનિક લોકોની કુલ સંપત્તિમાં $૧૮૫ બિલિયન એટલે કે આશરે રૂ. ૧૭.૪૮ લાખ કરોડનો જંગી ઘટાડો થયો છે. વર્ષ ૨૦૧૨ માં આ ઈન્ડેક્સ શરૂ થયા પછીનો આ ૧૪મો સૌથી મોટો દૈનિક ઘટાડો માનવામાં આવે છે. આમાં સૌથી મોટું નુકસાન એલોન મસ્કને ($૭૯.૭ બિલિયન / આશરે રૂ. ૭.૫૩ લાખ કરોડ) અને ઓરેકલના સહ-સ્થાપક લેરી એલિસનને ($૧૦.૧ બિલિયન / આશરે રૂ. ૯૫,૪૦૦ કરોડ) થયું છે. વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એલોન મસ્કની કુલ સંપત્તિ હવે $૮૦૦ બિલિયનથી નીચે આવી ગઈ છે અને હાલમાં તે આશરે ઈ૭૮૫ બિલિયન જેટલી છે.

ઈન્ટરનેટ વગર પણ ચાલશે ભારતનાં AI મોડેલ,ટેક્નોલોજી ક્ષેત્રે નવી સિદ્ધિ

કેન્દ્ર સરકારના IT મંત્રાલય દ્વારા EKA-1, Dhir 2B અને Dhir 5Bનું લોકાર્પણ કરાયા

નવીદિલ્હી,

ટેક્નોલોજીની દુનિયામાં ભારતે વધુ એક મોટી છલાંગ લગાવી છે. કેન્દ્ર સરકારના IT મંત્રાલય દ્વારા 'ઈન્ડિયાએઆઈ મિશન' ના સહયોગથી ત્રણ શક્તિશાળી સ્વદેશી AI મોડેલ સત્તાવાર રીતે લૉન્ચ કરવામાં આવ્યા છે. EKA-1, Dhir 2B અને Dhir 5B નામના આ ત્રણેય AI ટૂલ્સને સંપૂર્ણપણે દેશમાં જ તૈયાર કરવામાં આવ્યા છે, જે ભારતીય ભાષાઓ અને ભારતીય વેપારની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યા છે.

નવી દિલ્હીમાં યોજાયેલા એક વિશેષ કાર્યક્રમમાં IT મંત્રાલયના સચિવ એસ. કૃષ્ણન અને અન્ય વરિષ્ઠ અધિકારીઓએ આ મોડેલ્સ લોકાર્પણ કર્યા હતા. સરકારી ઓફિસો, રિસર્ચ સેન્ટર્સ અને શૈક્ષણિક સંસ્થાઓમાં તેનો વ્યાપક ઉપયોગ થઈ શકશે. ખાસ વાત એ છે કે આમાંથી બે મોડેલ ઈન્ટરનેટ વગર પણ કામ કરવાની ક્ષમતા ધરાવે છે.ત્રણેય AI ટૂલ્સમાં સૌથી મોટું અને પાવરફુલ મોડેલ 'EKA-1' છે, જેને બેંગલુરુ સ્થિત સ્ટાર્ટઅપ સોકેટ લેબ્સ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે.આ એક ઓપન અને સ્પાર્શ હાઈબ્રિજ લેંગ્વેજ મોડેલ છે, જેને જટિલ અને અઘરા કાર્યો પાર પાડવા માટે ડિઝાઇન કરવામાં આવ્યું છે.

EKA-1 એડવાન્સ્ડ મેથ્સ, સોફ્ટવેર પ્રોગ્રામિંગ અને રિઝનિંગ (તાર્કિક વિશ્લેષણ) જેવા અટપટા સવાલોના જવાબ આપી શકે છે. તે એક એડવાન્સ્ડ AI એજન્ટ તરીકે કામ કરીને એકસાથે અનેક કાર્યો (Multi-tasks) પૂર્ણ કરી શકે છે.આ મોડેલ ૨૬.૩ અબજ પેરામીટર્સ પર આધારિત છે અને તેને ૭.૫ ટ્રિલિયન ટેક્સ્ટ ટોકન્સના વિશાળ ડેટા સાથે ટ્રેઇન કરવામાં આવ્યું છે.ભાષા અને સેક્ટર: EKA-1 અંગ્રેજી ઉપરાંત ભારતની તમામ અનુસૂચિત ભાષાઓને સરળતાથી સમજી શકે છે. તેની ક્ષમતાને ધ્યાનમાં રાખીને ખાસ કરીને બેન્કિંગ, ફાઇનાન્શિયલ સર્વિસ અને સાયબર સિક્યોરિટી જેવા મહત્ત્વના ક્ષેત્રો માટે તૈયાર કરાયું છે.આ બંને મોડેલ્સની સૌથી મોટી અને ખાસ ખૂબી એ છે કે તેને ચલાવવા માટે કોઈ મોટા ક્લાઉડ સર્વર કે હાઈ-સ્પીડ ઈન્ટરનેટની જરૂર નથી પડતી.



ભાવનગરના ચકચારી લઠ્ઠાકાંડમાં 42 આરોપીઓ સામે એકાદ લાખ પાનાંની દમદાર ચાર્જશીટ રજૂ

૧૪ નિર્દોષ લોકોના ભોગ લેનાર ઝેરી દારૂ પ્રકરણમાં મની ટ્રેલ, સીસીટીવી, કોલ ડિટેઈલ અને એફએસએલના અસંખ્ય પુરાવાઓ સાથે કોર્ટમાં કેસ મજબૂત બનાવાયો ; એસએમસીની લાગલગાટ તપાસના અંતે સમગ્ર લઠ્ઠાકાંડ અંગે વિગતો ઉજાગર થઈ, દિવસો સુધીની મહેનત આખરે આરોપીઓને કડક સજા સુધી દોરી જશે તેવી આશા

ભાવનગર,તા.૬

ભાવનગર જિલ્લાના વરતેજ પંથકમાં સર્જાયેલા અત્યંત ચકચારી અને ૧૪-૧૪ માનવજીવોને ભરખી જનાર લઠ્ઠાકાંડના પ્રકરણમાં તપાસ કરનાર એજન્સી દ્વારા પોતાની તપાસ પૂર્ણ કરી નામદાર કોર્ટમાં સજ્જડ ચાર્જશીટ રજૂ કરી દેવામાં આવી છે. વિશ્વસનીય સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા અંદાજે એકાદ લાખ પાનાંઓથી વધુ જંગી દસ્તાવેજી પુરાવાઓ સાથે આ ચાર્જશીટ તૈયાર કરવામાં આવી છે, જેમાં કુલ ૪૨ જેટલા આરોપીઓ સામે ગંભીર ગુનાહિત આરોપો ઘડવામાં આવ્યા છે. આ ચાર્જશીટમાં મની ટ્રેલ, સીસીટીવી ફૂટેજ, કોલ રેકોર્ડિંગ અને કોલ ડિટેઈલ રેકોર્ડ (CDR) સહિતના અકાણ્ય અને ટેક્નિકલ પુરાવાઓ સામેલ કરવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, ગત તા. ૧૮ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ડુપ્લિકેટ રોયલ સ્ટેગ દારૂનું સેવન કરવાના કારણે અનેક લોકોને તેની ગંભીર ઝેરી અસર થવા પામી હતી, જેના કારણે સમગ્ર પોલીસ તંત્રમાં ભારે હડકંપ મચી ગયો હતો. આ ઘટનાની અત્યંત ગંભીરતાને ધ્યાને લઈ જિલ્લા પોલીસ અધિક્ષક (જીઁ) નિતેશ પાંડેય અને ભાવનગર પોલીસ ટીમ ત્વરિત ધોરણે કામે લાગી ગઈ હતી. પોલીસ દ્વારા સૌપ્રથમ ઝેરી દારૂનું સેવન કરનાર પીડિતોને શોધી-શોધીને તાત્કાલિક હોસ્પિટલમાં ચેકઅપ અને સઘન સારવાર માટે ખસેડવાની કામગીરીને સર્વોચ્ચ અગ્રતા આપવામાં આવી હતી. આ ઉપરાંત, કચ્ચા-કચ્ચા શખ્સોએ આ દારૂની બોટલો ખરીદી છે તેનું ચોક્કસ પગેરું દબાવીને વધુ લોકોને ઝેરી દારૂની અસરથી બચાવવા માટે સક્રિય



પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. સત્વરે લેવાયેલા આ જ પગલાંઓના કારણે આ લઠ્ઠાકાંડમાં મૃત્યુનો આંક નિયંત્રિત રહી શક્યો હતો, અન્યથા પરિણામો વધુ ભયાનક હોત તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઘટનાની ગંભીરતાને જોતાં રાજ્ય સરકારે આ પ્રકરણની તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ને સુપરિપોર્ટ કરી હતી. SMC ના વડા આઈજી ગગનદીપ ગંભીરના માર્ગદર્શન હેઠળ એસપી ચાવડાની સીધી નિગરાનીમાં પી.આઈ. જાડેજા દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો. એસએમસી દ્વારા ગત ૧૯ ઓગસ્ટથી ૨૦ અલગ-અલગ ટીમોને કામે લગાડીને એક પછી એક આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ લઠ્ઠાકાંડના તાર ગુજરાત ઉપરાંત રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, દિલ્હી અને હરિયાણા સુધી લંબાયેલા હોવાનું સામે આવ્યું હતું, જેમાં પોલીસે મુખ્યત્વે ઝેરી દારૂ બનાવવા માટે વપરાતા જીવલેણ 'મિથેનોલ' કેમિકલની સપ્લાય ચેઈનને પકડી પાડીને મોટી સફળતા હાંસલ કરી હતી.

તપાસ દરમિયાન પોલીસે તબક્કાવાર કુલ ૪૨ આરોપીઓને ઝડપી લઈને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે, જ્યારે હજુ પણ આ ગુનામાં ૧૦ જેટલા આરોપીઓ વોન્ટેડ છે. પોલીસ દ્વારા ઝેરી દારૂ બનાવવા માટે વપરાયેલ કેમિકલ, દારૂની ખાલી-ભરેલી બોટલો અને ગુનામાં વપરાયેલ વાહનો સહિત કુલ રૂ. ૨૨ લાખનો જંગી મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ભોગ બનનાર ૧૪ મૃતકોના પરિવારજનોને કાનૂની અને ઝડપી ન્યાય અપાવવા માટે સરકારી વકીલ (પીપી) તરીકે સિનિયર એડવોકેટ ટી. હોસ્પિટલના તબીબોનો પેનલ પોસ્ટમોર્ટમ રિપોર્ટ, એફએસએલ (FSL) નો રિપોર્ટ, મૌખિક જુબાનીઓ અને દસ્તાવેજી પુરાવાઓ નામદાર કોર્ટમાં અત્યંત પાયારૂપ અને મહત્વપૂર્ણ સાબિત થશે.

આંગણકા ગામે પરણિતાને શારીરિક -માનસિક ત્રાસ આપ્યાની પતિ સહીત ચાર સામે ફરિયાદ

એક આંખે ઓછું દેખાવાની નબળાઈ બાબતે પતિ, સાસુ, સસરા અને નણંદ દ્વારા ત્રાસ ગુજારવામાં આવતો હોવાનો આક્ષેપ

ભાવનગર,તા.૬

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના આંગણકા ગામના વતની અને હાલ સુરત ખાતે રહેતા પુષ્પાબેન સંજયભાઈ દેગડા દ્વારા પોતાના જ સાસરી પક્ષના ચાર લોકો વિરુદ્ધ બગદાણા પોલીસ સ્ટેશનમાં ગંભીર આક્ષેપો સાથે ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ બનાવ અંગે પોલીસ સ્ટેશનમાં પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તા. ૦૧/૦૩/૨૦૨૬ થી તા. ૨૨/૦૯/૨૦૨૬ દરમિયાન સુરતના કતારગામ વિસ્તારમાં આવેલા શામળા બહુચર નગર ખાતે આ ત્રાસની ઘટનાઓ બની હતી.

ફરિયાદી પુષ્પાબેનના લગ્ન આજથી આશરે અગિયાર મહિના પહેલાં તા. ૩૦/૧૧/૨૦૨૫ ના રોજ સમાજના રીતિરિવાજ મુજબ સંજયભાઈ રમેશભાઈ દેગડા સાથે થયા હતા. લગ્ન બાદ શરૂઆતના ત્રણ મહિના બરાબર રહ્યા બાદ, ફરિયાદીને નાનપણથી ડાબી આંખે ઓછું દેખાતું હોય જે બાબતની અગાઉથી જાણ હોવા છતાં પતિ

સંજયભાઈ, સાસુ નીરુબેન અને સસરા રમેશભાઈ દ્વારા અવારનવાર "તને એક આંખે દેખાતું નથી અને તારા કામમાં કોઈ ઠેકાણા નથી" તેમ કહી મેણા-ટોણા મારવામાં આવતા હતા.

આ ઉપરાંત, નણંદ વનીતાબેન નિતિનભાઈ બારૈયા દ્વારા પણ સાસુ-સસરાને ચઢામણી કરી શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. પતિ સંજયભાઈ દારૂ પીને ઝઘડો કરતા અને ગડાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા. ગત તા. ૨૨/૦૯/૨૦૨૬ ના રોજ રાત્રે પતિએ ઝઘડો કરી ઘરેથી કાઢી મૂકતા ફરિયાદીએ પોતાના ફઈને ફોન કરીને બોલાવ્યા હતા અને ત્યારબાદ પિતા સાથે પોતાના પિયર આંગણકા ગામ ખાતે આવી ગયા હતા. લગ્નજીવન બચી જાય તે માટે ત્રાસ સહન કરતા રહેલા ફરિયાદીએ અંતેટ કંટાળીને પોલીસ સ્ટેશને પહોંચી ફરીયાદ નોંધાવી છે.

આ બનાવ અંગે બગદાણા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (ભ્રજી) ની કલમ ૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) અને ૫૪ મુજબ ગુનો નોંધી, વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ ભરતભાઈ વેલજીભાઈ બાલધિયાને સોંપવામાં આવી છે.

અજવાળાની આભા વચ્ચે ભાવનગરમાં દિવાળીની દસ્તક



દિવાળીના પાવન પર્વની શરૂઆત સાથે જ ભાવનગર શહેર રોશનીના રંગે રંગાયું છે. શહેરના અનેક સર્કલ પર રંગબેરંગી લાઈટિંગથી ઝળહળતાં વૃક્ષો અને સુશોભિત રોશની વચ્ચે જવેલ્સ સર્કલવાળું સિંહનું ભવ્ય શિલ્પ ખાસ આકર્ષણ જમાવી રહ્યું છે. રાત્રિના અંધકારમાં રોશનીનો આ સુંદર શણગાર જાણે ઉત્સવના આગમનનો સંદેશ આપી રહ્યો હોય તેવો મનમોહક નજારો જોવા મળી રહ્યો છે. - દિપક માળી

વાવડીની વાડીમાં જુવારના ઢગલામાંથી રૂ.૬૬ હજારનો વિદેશી દારૂ ઝડપાયો

ઘોઘા પોલીસની રેઇડમાં વોડકાની ૨૨૦ બોટલો મળી આવી, વાડી માલિક ગુનો દાખલ

ભાવનગર, તા. ૬

ઘોઘા તાલુકાના વાવડી ગામની સીમમાં આવેલી એક વાડીમાંથી ઘોઘા પોલીસે રૂ.૬૬ હજારની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. વાડીમાં જુવારના કડબના ઢગલામાં બે પ્લાસ્ટિકના થેલામાં છુપાવી રાખેલી વોડકાની ૨૨૦ બોટલો મળી આવતાં પોલીસે મુદ્દામાલ કબજે કરી વાડી માલિક સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

ઘોઘા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન વાવડી ગામના ઘોઘા-તણસા રોડ પર ચા મુંડા માતાજીના મંદિર પાસે ખાનગી રાહે બાતમી મળી હતી કે વાવડી ગામના ઉપેન્દ્રભાઈ ભાનુશંકરભાઈ પંડ્યાએ પોતાની વાડીમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડ્યો છે. જેથી પોલીસે બે પંચોને સાથે રાખી વાડીમાં દરોડો પાડ્યો હતો.દરમિયાન વાડીમાં કોઈ હાજર મળી આવ્યું ન હતું.

જોકે, પંચોની હાજરીમાં તપાસ કરતાં જુવારના કડબના ઢગલામાંથી બે પ્લાસ્ટિકના થેલા મળી આવ્યા હતા. જેમાંથી ભારતીય બનાવટની પરપ્રાંતીય વોડકા સિંઘ મિન્ટી જામુન વોડકાની ૧૮૦ એમએલની કુલ ૨૨૦ બોટલો મળી આવી હતી. જેની કિંમત રૂ.૬૬ હજાર થાય છે. પોલીસે દારૂનો જથ્થો કબજે કરી એક બોટલ એફએસએલ તપાસ માટે તથા એક બોટલ પોલીસ સ્ટેશન રિઝર્વ રાખી બાકીના મુદ્દામાલ સાથે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વાડી માલિક ઉપેન્દ્રભાઈ પંડ્યા સામે પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ,ઈ) અને ૧૧૬(બી) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દિહોરના ગોદરા વિસ્તારમાં મજૂરો ભરવા ઉભેલા ડ્રાઇવર પર છરી વડે થયો હુમલો

સામે જોવાની બાબતે તકરાર થતાં યુવકે છરીના ઘા ઝીંક્યા: ફરિયાદીને આઠ અને પિતરાઈ ભાઈને ચાર ટાંકા આવ્યા

તળાજા, તા. ૬

તળાજા તાલુકાના દિહોર ગામના ગોદરા વિસ્તારમાં મજૂરોની હેરફેરનો વ્યવસાય કરતા યુવક પર એક શખસે છરી વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડતાં ચકચાર મચી છે. આ હુમલામાં યુવકને ડાબા પગના સાથળ અને હાથના અંગૂઠા પાસે ગંભીર ઈજાઓ થઈ હતી, જ્યારે તેને બચાવવા વચ્ચે પડેલા તેના ફઈના દીકરાને પણ છરી વાગતાં ઈજા પહોંચી હતી.

મળતી વિગતો મુજબ, દિહોરના વરલ રોડ પર રહેતા નરેશભાઈ મનુભાઈ ચુડાસમા (ઉ.વ.૨૫) મજૂરોની હેરફેરનો વ્યવસાય કરે છે. ગત તા.૫ નવેમ્બરના રોજ સાંજે સાતેક વાગ્યે તેઓ ગોદરા વિસ્તારમાં મજૂરો ભરવા માટે ઊભા હતા અને કલ્પેશભાઈ સાથે વાતચીત કરતા હતા. આ દરમિયાન ત્યાં રહેતો ઋત્વિકભાઈ હિંમતભાઈ ઘોયલ આવી 'તું અહીં કેમ બરાડા પાડે છે અને વારંવાર મારી સામે કેમ જુએ છે?' તેમ કહી ગાળો આપવા લાગ્યો હતો.

નરેશભાઈએ ગાળો આપવાની ના પાડતાં ઉશ્કેરાયેલા ઋત્વિકે કમરના નેફામાંથી છરી કાઢી હુમલો કર્યો હતો. જેમાં નરેશભાઈને બે ઘા વાગ્યા હતા. તેમને બચાવવા વચ્ચે પડેલા કલ્પેશભાઈ અરવિંદભાઈ બારૈયાને પણ હાથના અંગૂઠા પાસે ઈજા થઈ હતી. બંનેને ભાવનગર સરકારી હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. નરેશભાઈને આઠ અને કલ્પેશભાઈને ચાર ટાંકા આવ્યા હતા. હુમલાખોરે જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. બનાવ અંગે તળાજા પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વરતેજ-સિદસર રોડ ચોકડી પાસેથી વિદેશી દારૂની બોટલ સાથે બોરીંગ મશીનના ધંધાર્થીની ધરપકડ

વરતેજ પોલીસની પ્રોહિબિશન ડ્રાઈવ દરમિયાન શંકાસ્પદ હાલતમાં થેલી સાથે ઊભેલો શખસ ઝડપાયો

ભાવનગર, તા.૬

ભાવનગર શહેર અને જિલ્લામાં દારૂબંધીના કાયદાનો કડક અમલ કરાવવા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રોહિબિશન ડ્રાઈવ દરમિયાન વરતેજ પોલીસે સિદસર ગામની ચોકડી પાસેથી વિદેશી દારૂની બોટલ સાથે એક શખસને ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી રૂ.૧,૯૯૦ની કિંમતની બે લિટરની રોયલ ચેલેન્જ વ્હિસ્કીની બોટલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ, વરતેજ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરની સૂચનાથી પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન રાત્રિના ૯:૦૫ વાગ્યે વરતેજ-સિદસર રોડ પર સિદસર ગામની ચોકડી પાસે કાળા રંગની થેલી સાથે શંકાસ્પદ હાલતમાં ઊભેલા એક શખસને પોલીસે અટકાવી તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન થેલીમાંથી ભારતીય બનાવટની પરપ્રાંતીય રોયલ ચેલેન્જ ફાઈનેસ્ટ પ્રીમિયમ વ્હિસ્કીની બે લિટરની એક સીલબંધ બોટલ મળી આવી હતી. પોલીસે આરોપીનું નામ અમિતભાઈ બટુભાઈ ભામાણી (ઉ.વ.૪૫), રહે. શિવશક્તિ એવન્યુ, સિદસર રોડ, ભાવનગર હોવાનું જાણવા મળ્યું હતું. દારૂ રાખવા અંગે કોઈ પાસ-પરમિટ ન હોવાથી પોલીસે રૂ.૧,૯૯૦નો મુદ્દામાલ કબજે કરી આરોપીની ધરપકડ કરી પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ,એ) અને ૧૧૬(બી) હેઠળ ગુનો નોંધ્યો છે.

લીમડા ગામ પાસે બાઈક ડિવાઈડર સાથે અથડાતાં ગઢડાના આધેડ વેલ્ડરનું મોત

ભાવનગરથી લૌકિક કામ પતાવી ગઢડા પરત ફરી રહ્યા હતા

ગઢડા, તા. ૬

ઉમરાળા તાલુકાના લીમડા ગામ નજીક બાઈક ડિવાઈડર સાથે અથડાતાં ગઢડાના ૪૭ વર્ષીય વેલ્ડરનું મોત નીપજ્યું હતું. ભાવનગરથી લૌકિક કામ પતાવી ગઢડા પરત ફરી રહેલા આધેડને અકસ્માતમાં માથાના ભાગે ગંભીર ઈજા થતાં સારવાર માટે ગઢડા સીએચસી ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

મળતી વિગતો મુજબ, ગઢડાના બોટાદ રોડ પર રહેતા અલ્પેશભાઈ હર્ષદરાય ગજજર (ઉ.વ.૪૭) વેલ્ડિંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. ગત તા.૫ નવેમ્બરના રોજ તેઓ ભાવનગર ખાતે લૌકિક કામ પતાવી પોતાની હીરો સુપર સ્પ્લેન્ડર મોટરસાઈકલ નં. જ્ઞ-૧૮-ઢ્છ-૩૭૨૩ પર ગઢડા પરત ફરી રહ્યા હતા. દરમિયાન ઉમરાળા તાલુકાના લીમડા ગામ પાસે તેમની બાઈક રોડ પરના ડિવાઈડર સાથે અથડાઈ હતી.

અકસમાતને પગલે અલ્પેશભાઈ રસ્તા પર પટકાયા હતા અને તેમના મોઢા તથા કપાળના ભાગે ગંભીર ઈજાઓ થતાં લોહી નીકળવા લાગ્યું હતું. ઘટનાની જાણ થતાં તેમના પરિવારજનો સ્થળ પર દોડી ગયા હતા. બાદમાં એમ્બ્યુલન્સ મારફતે તેમને ગઢડા સીએચસી ખાતે લઈ જવાયા હતા, જ્યાં તબીબે મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે તેમના બનેવી જીગ્નેશભાઈ અંબાસણાએ ફરિયાદ નોંધાવતાં પોલીસે અકસ્માત અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભાવનગરના વિકાસ માટે મહાપાલિકા ઉદ્યોગ જગત સાથે મળીને કાર્ય કરશે

સૌરાષ્ટ્ર ચેમ્બરની બેઠકમાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અને મ્યુ. કમિશનરની ઉપસ્થિતિ



ભાવનગર, તા. ૬

સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ભાવનગરની મેનેજિંગ કમિટીની બેઠકમાં ભાવનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કિશનભાઈ મેહતા અને મ્યુનિસિપલ કમિશનર એન.કે. મીના ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ચેમ્બર દ્વારા બંને મહાનુભાવોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ચેમ્બરની ટેક્સેશન કમિટીના ચેરમેન હિતેશભાઈ રાજ્યગુરુએ સ્વાગત પ્રવચનમાં ભાવનગરના વેપાર-ઉદ્યોગના વિકાસ માટે મહાનગરપાલિકાના સહકારને આવશ્યક ગણાવ્યો હતો. ચેમ્બરના પ્રમુખ તેજસભાઈ શેઠે શહેરમાં થઈ રહેલાં વિકાસકાર્યો, બ્યુટીફિકેશન, સ્વચ્છતા અને આધુનિક નાગરિક સુવિધાઓની પ્રશંસા કરી હતી. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કિશનભાઈ મેહતાએ શહેરમાં ચાલી રહેલા રસ્તા, બ્યુટીફિકેશન, રીડિંગ રૂમ અને ડિજિટલ લાઈબ્રેરી સહિતનાં વિકાસકાર્યોની વિગતો આપી હતી. પીએમઈ બસ સેવાને દેશભરમાં મળેલા પ્રતિસાદને ગૌરવની બાબત ગણાવી હતી.

મ્યુનિસિપલ કમિશનર એન.કે. મીનાએ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ઓડિટોરિયમ અને લાઈબ્રેરી જેવા ભાવિ પ્રોજેક્ટ્સની માહિતી આપી હતી. નારી વિસ્તારમાં મહાત્મા મંદિરની તર્જ પર આધુનિક કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટર બનાવવા જમીન રિઝર્વેશન અંગે સરકારમાં દરખાસ્ત કરવાની કાર્યવાહી ચાલી રહી હોવાનું પણ જણાવ્યું હતું. બેઠકમાં શહેરી વિકાસ અને ઔદ્યોગિક પ્રગતિ અંગે રચનાત્મક ચર્ચા થઈ હતી. કાર્યક્રમનું સંચાલન મીતેશભાઈ પટેલે કર્યું હતું અને આભારવિધિ યોગેશભાઈ વ્યાસે કરી હતી.

કાળિયાબીડમાં રૂમની ખુલ્લી બારીમાંથી મોબાઈલની ઉઠાંતરી

ભાવનગર,તા.૬

ભાવનગર શહેરના કાળિયાબીડ વિસ્તારમાં આવેલા રામનગર ખાતેથી મોબાઈલ ચોરી થઈ હોવાની ઘટના સામે આવી છે. આ અંગે વિજયભાઈ રમેશભાઈ ભીલ દ્વારા નીલમબાગ પોલીસ સ્ટેશનમાં ઓનલાઈન ઈ-એફ.આઈ.આર. ના માધ્યમથી ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદ અનુસાર, ગત તા. ૩૦/૧૦/૨૦૨૬ ના રોજ રાત્રીના ૧:૦૦ થી ૬:૦૦ વાગ્યા દરમિયાન ફરિયાદી પોતાના મિત્રો સાથે રામનગર, સી-૭૫૪, લીલા સર્કલ પાસેના રૂમમાં સૂતા હતા. ગરમીના કારણે રૂમની બારી ખુલ્લી રહી ગઈ હતી અને બારીની બાજુમાં જ તેમનો 'OPPO A5 Pro' કંપનીનો લેધર બ્લુ કલરનો મોબાઈલ કિંમત આશરે રૂ. ૧૭,૯૯૯/- મૂક્લો હતો. રાત્રે આશરે ૪:૦૦ વાગ્યે જાગીને જોતા મોબાઈલ પોતાની જગ્યાએ ન હતો. રૂમમાં તથા મિત્રો સાથે શોધખોળ કરવા છતાં મોબાઈલ ન મળતા કોઈ અજાણ્યો ચોર ઈસમ ખુલ્લી બારીમાંથી મોબાઈલ ચોરી કરી ગયો હોવાનું જણાયું હતું. આ બનાવ અંગે નીલમબાગ પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. કલમ ૩૦૩(૨) મુજબ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરાઈ છે.

વેળાવદર તળેના નિરમા વિસ્તારમાં બનશે નવી પોલીસ ચોકી

રેન્જ આઈ.જી. રાજેન્દ્ર અસારી અને જિલ્લા પોલીસ અધિક્ષક નિતેષ પાંડેયની ઉપસ્થિતિમાં ભૂમિપૂજન સંપન્ન






ભાવનગર,તા.૬

ભાવનગર જિલ્લાના વેળાવદર પોલીસ સ્ટેશન અંતર્ગત આવતા નિરમા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વધુ મજબૂત બનાવવાના હેતુથી નવી પોલીસ ચોકીના નવનિર્માણ કાર્ય માટેનું ભૂમિપૂજન તા. ૦૫/૧૧/૨૦૨૬ના રોજ અતિ ઉત્સાહ અને વિધિવત રીતે સંપન્ન થયું હતું.

આ વિશેષ ભૂમિપૂજન કાર્યક્રમ ભાવનગર રેન્જ આઈ.જી. રાજેન્દ્ર અસારી, ભાવનગર જિલ્લા પોલીસ અધિક્ષક નિતેષ પાંડેય તેમજ ભાવનગર ગ્રામ્ય ડિવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક ઘનશ્યામ ગૌતમની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ નવનિર્મિત પોલીસ ચોકીના નિર્માણ માટે નિરમા કંપની લિમિટેડ દ્વારા સૌજન્ય પૂરું પાડવામાં આવ્યું છે.

નિરમા વિસ્તારમાં આ નવી પોલીસ ચોકીનું નિર્માણ થવાથી સ્થાનિક પ્રજાજનોને પોલીસની સેવાઓ વધુ સરળતાથી, સચોટ અને ઝડપથી મળી રહેશે. આનાથી સમગ્ર વિસ્તારમાં સુરક્ષાનું વાતાવરણ વધુ દ્રઢ બનશે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ મજબૂત બનશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

ધનતેરસના પાવન પર્વે કષ્ટભંજનદેવને મોતી-પુષ્પોનો શણગાર કરવામાં આવ્યો



સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી આજે શુક્રવારના રોજ કષ્ટભંજનદેવ દાદાને આકર્ષક વાઘા અને મોતીનો શણગાર કરવામાં આવ્યો હતો. મંદિરના ગર્ભગૃહમાં શ્વેત મોતી- (સફેદ) પુષ્પોની દિવ્ય સજાવટ કરવામાં આવી છે, ચમકતા અને કલાત્મક મોર સુંદર રચના કરવામાં આવી છે, ધન અને સમૃદ્ધિના પ્રતિકરૂપ વિશેષ શણગાર તથા અલંકારો ધરવામાં આવ્યા છે. સવારે ૫:૪૫ કલાકે આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. આ દર્શન અનેક ભક્તોએ લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

બેંકો, પેટ્રોલ પંપ અને મોલ સહિતના સ્થળોએ CCTV કેમેરા ફરજિયાત

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામું: ફૂટેજમાં ચેડાં કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરાશે

ભાવનગર,તા.૬

ભાવનગર જિલ્લામાં જાહેર સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવાના હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી એન.ડી. ગોવાણીએ એક મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડીને વિવિધ વ્યવસાયિક સ્થળોએ CCTV કેમેરા સિસ્ટમ ઈન્સ્ટોલ કરવાનું ફરજિયાત બનાવ્યું છે.

આ જાહેરનામા મુજબ જિલ્લાની તમામ બેંકો, આંગડિયા પેઢીઓ, જ્વેલરી શો-રૂમ, પેટ્રોલ પંપ, હોટલ, મોલ, શૈક્ષણિક સંસ્થાઓ અને ગોડાઉન સહિતના સ્થળોએ પ્રવેશ-બહાર જવાના દ્વાર, પાર્કિંગ અને લોબી જેવા મહત્વપૂર્ણ વિસ્તારો સીસીટીવી કેમેરાથી સજ્જ કરવાના રહેશે. તમામ કેમેરા સારી ગુણવત્તાવાળા હોવા જોઈએ અને તેમાં ઓછામાં ઓછું ૧૫ દિવસનું ડેટા બેકઅપ ફરજિયાત જાળવવાનું રહેશે. પોલીસ દ્વારા માંગણી કરવામાં આવે ત્યારે આ ફૂટેજ તુરંત પૂરા પાડવાના રહેશે, તેમજ ફૂટેજ સાથે ચેડાં કરવા એ ગુનો બનશે.

આ હુકમ પ્રસિદ્ધ થયાની તારીખથી આગામી ૬૦ દિવસ સુધી સમગ્ર ભાવનગર જિલ્લામાં અમલમાં રહેશે. જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

તળાજાના ગોરખી ગામે દારૂના ત્રણ દરોડા: ૧૦૩ બોટલ ઝડપાઈ, એક ઝબ્બે -ત્રણની શોધખોળ

ભાવનગર,તા.૬

ભાવનગર જિલ્લાના તળાજા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને બુટલેગરો સામે પોલીસ દ્વારા સઘન ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. તા. ૦૫/૧૧/૨૦૨૬ના રોજ તળાજા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા અલગ-અલગ વિસ્તારોમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી. પ્રથમ બનાવમાં, ગોરખી ગામના ગોરાડ વાડી વિસ્તારમાં રહેતા નીલેશભાઈ હરજીભાઈ ભાલિયાના મકાનની ઓસરીમાંથી ભારતીય બનાવટની 'DSP BLACK CLASSIC WHISKY' ની ૭૫૦ એમ.એલ.ની ૧ સીલપેક બોટલ (કિંમત રૂ. ૬૨૬/-) બિનવારસી હાલતમાં મળી આવી હતી, જેથી આરોપી વિરુદ્ધ પ્રોહીબિશન કલમ ૬૫(એ)(એ) અને ૧૧૬(બી) મુજબ ગુનો નોંધાયો છે. બીજા દરોડામાં, તે જ વિસ્તારમાં રહેતા તુષારભાઈ પ્રવિણભાઈ ડોડીયા પોતાની વાડીના સેઢે લીલા ઘાસચારામાં વિદેશી દારૂનો મોટો જથ્થો છુપાવી વેચાણ કરતા પકડાઈ આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી ૭૫૦ એમ.એલ.ની ૯૫ બોટલ (કિંમત રૂ. ૫૯,૪૭૦/-) કબજે કરી હતી, જેમાં આ જથ્થો વિશાલ ઉર્ફે ઉંદરડી છનાભાઈ ડોડીયા આપી ગયો હોવાનું ખૂલતા તેની સામે પણ કલમ ૬૫(એ)(ઈ), ૧૧૬(બી) અને ૮૧ મુજબ ગુનો નોંધી તુષારભાઈની અટકાયત કરાઈ છે.

આ ઉપરાંત, ત્રીજા બનાવમાં દેવલી રોડ પર બાવળની ઝાડીઓ પાસેથી અશ્વીનભાઈ ઉર્ફે દરજી ઓધડભાઈ ડોડીયાનો ૧૮૦ એમ.એલ.ની ૭ બોટલ (કિંમત રૂ. ૬૩૦/-) વિદેશી દારૂનો જથ્થો બિનવારસી મળી આવ્યો હતો. આમ, તળાજા પોલીસે કડક કાર્યવાહી કરી તમામ પ્રકરણોમાં પ્રોહીબિશન એક્ટ અંતર્ગત ગુનાઓ નોંધી આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ નરેશભાઈ વેલજીભાઈ બારૈયાને સોંપી છે.

પોલીસ પેટ્રોલીંગ દરમિયાન જુદા-જુદા સ્થળોએદરોડા: પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનાઓ નોંધી તપાસ હાથ ધરાઈ

૧૧ વર્ષ જુના લગ્નજીવનમાં ભંગાણ અટકાવી પતિ-પત્નીનું કરાવાયું સમાધાન

હવનગર,તા.૬

મહુવા પોલીસ સ્ટેશન બેઝડ સપોર્ટ સેન્ટર (PBSC) ખાતે ઘરેલુ હિંસાની અરજી સંદર્ભે અસરકારક કાઉન્સિલિંગ અને મધ્યસ્થી દ્વારા ૧૧ વર્ષના લગ્નજીવનને તૂટતું બચાવી પતિ-પત્ની વચ્ચે સુખદ સમાધાન કરાવવામાં આવ્યું છે. બે સંતાનો ધરાવતું આ દંપતી પારિવારિક મતભેદો તેમજ શારીરિક અને માનસિક તકરારના કારણે છેલ્લા બે વર્ષથી અલગ રહેતું હતું. આ મામલે PBSC મહુવા દ્વારા બંને પક્ષો અને પરિવારના સભ્યોને કેન્દ્ર પર બોલાવી વ્યક્તિગત અને સામૂહિક કાઉન્સિલિંગ કરવામાં આવ્યું હતું. કાઉન્સિલરોએ પારિવારિક સંવાદ, સંયુક્ત કુટુંબના પ્રશ્નો, આર્થિક સહકાર અને દાંપત્યજીવનના કલેશની બાળકો પર પડતી માઠા અસરો અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સતત સમજાવટના અંતે બંને પક્ષોને પોતાની ભૂલનો અહેસાસ થતાં તેમણે બાળકોના હિતને સર્વોપરી રાખી સાથે રહેવાનો નિર્ણય કર્યો હતો. ભવિષ્યમાં આવી પરિસ્થિતિ ન સર્જાય તે માટે લેખિત બાંહેધરી મેળવાઈ હતી. દંપતીએ સફળ મધ્યસ્થી બદલ કાઉન્સિલર જીજ્ઞાબેન ગોસ્વામી અને હેતલબેન મકવાણાનો આભાર માન્યો હતો.

બે વર્ષથી અલગ રહેતા દંપતીએ બાળકોના ભવિષ્યને ધ્યાને રાખી સાથે રહેવા લેખિત બાંહેધરી આપી

બસ સ્ટેન્ડમાં મહિલાની હત્યાના ચકચારી કેસમાં માત્ર ૩૧ દિવસમાં કરાયો ન્યાય : આરોપીને ફટકારાઈ આજીવન કેદ

ભાવનગર પોલીસની ઐતિહાસિક સફળતા: રેન્જ આઈ.જી. અને એસ.પી.ના માર્ગદર્શન હેઠળ રચાયેલી SIT ની સત્વરે તપાસથી ઝડપી ન્યાય



ભાવનગર,તા.૬

ભાવનગર શહેરના એસ.ટી. બસ સ્ટેન્ડના પબ્લિક એન્ટ્રી ગેટ પાસે ગત તા. ૦૩/૦૯/૨૦૨૬ના રોજ બનેલી એક અત્યંત ક્રૂર અને ગંભીર હત્યાના કેસમાં ભાવનગર પોલીસે માત્ર ૩૧ દિવસની ટૂંકી અવધિમાં આરોપીને સજા અપાવી ઐતિહાસિક સફળતા મેળવી છે.

મૂળ વરતેજના અને હાલ એસ.ટી. બસ સ્ટેન્ડની ફૂટપાથ પર રહેતા તથા અગાઉ પાંચ ગંભીર ગુનાઓમાં સંડોવાયેલ આરોપી ફૈઝલ ઉર્ફે ખાટકી રફીકભાઈ લાખાણીએ બસ સ્ટેન્ડમાં પોતાની ધાક જમાવવાના ઈરાદે કાજલબેન દિલીપભાઈ બારૈયા નામની નિર્દોષ યુવતી પર જીવલેણ હુમલો કર્યો હતો. આરોપીએ યુવતીને આડેધડ ઢીકાપાટુનો માર મારી, વાળ પકડીને દીવાલ અને ફ્લોરિંગ (ટાઈલ્સ) સાથે માથું અથડાવી તથા માથા, ગળા અને પડખાના ભાગે પાટા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી, જેના કારણે તેનું મૃત્યુ નીપજ્યું હતું. આ અંગે તા. ૦૪/૦૯/૨૦૨૬ના રોજ નીલમબાગ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

બનાવની ગંભીરતાને ધ્યાને લઈ રેન્જ આઈ.જી. રાજેન્દ્ર અસારીના આદેશથી તથા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયના સીધા માર્ગદર્શન અને ડી.વાય.એસ.પી. આર.આર. સિંઘાલના સુપરવિઝન હેઠળ એક ખાસ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ની રચના કરવામાં આવી હતી. આ ટીમે નજરે જોનારા સાહેદોના બી.એન.એસ.એસ. કલમ ૧૮૩ મુજબ મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદનો મેળવ્યા, સીસીટીવી ફૂટેજની ફોરેન્સિક તપાસ કરાવી, ઘટનાસ્થળની ચકાસણી કરી અને સર ટી. હોસ્પિટલના ડોક્ટરો દ્વારા પી.એમ. કરાવી મજબૂત પુરાવા એકત્રિત કર્યા હતા. પોલીસે માત્ર એક મહિનાની અંદર તા. ૦૪/૧૦/૨૦૨૬ના રોજ નામદાર કોર્ટમાં મજબૂત ચાર્જશીટ રજૂ કરી દીધી હતી. રાજ્ય સરકાર દ્વારા આ કેસમાં સ્પે. સરકારી વકીલ તરીકે પીઢ ધારાશાસ્ત્રી ઉત્પલ દવેની નિમણૂક કરવામાં આવી હતી. વકીલની ધારદાર દલીલો અને સચોટ પુરાવાઓને આધારે નામદાર કોર્ટે આરોપી ફૈઝલ ઉર્ફે ખાટકી રફીકભાઈ લાખાણીને જીવનના અંતિમ શ્વાસ સુધીની કેદની સજાનો હુકમ કર્યો છે. ભાવનગર જિલ્લામાં આટલી ઝડપી ટ્રાયલ ચલાવી માત્ર ૩૧ દિવસમાં સજાનો આ પ્રથમ કિસ્સો છે. આ ઉપરાંત, મુખ્ય સાક્ષીને ડરાવવા કે અપહરણ કરવાના પ્રકરણમાં પણ આરોપી સામે અલગથી ગુનો નોંધવામાં આવ્યો હતો.

મંત્રી બાંભણિયા પુડુચેરીની મુલાકાતે : ખાદ્ય સુરક્ષા, જાહેર વિતરણ અને વહીવટી કામગીરીની કરી ઉચ્ચ-સ્તરીય સમીક્ષા



લેફ્ટનન્ટ ગવર્નર સાથે કલ્યાણકારી યોજનાઓ અંગે ચર્ચા, કેન્દ્રીય એજન્સીઓની સમીક્ષા અને શાળાના વિદ્યાર્થીઓ સાથે લોકશાહી મૂલ્યો વિશે કર્યો સંવાદ

ભાવનગર,તા.૬

ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણિયાએ પુડુચેરીની તેમની બે દિવસીય વિશિષ્ટ મુલાકાત દરમિયાન ખાદ્ય સુરક્ષા, જાહેર વિતરણ વ્યવસ્થા, ગ્રાહક સુરક્ષા, વહીવટી સંકલન અને લોકશાહી જાગૃતિ જેવા વિવિધ અતિ મહત્વપૂર્ણ કાર્યક્રમોમાં સક્રિયપણે ભાગ લીધો હતો. આ મુલાકાતનો મુખ્ય હેતુ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનું સ્થાનિક ધોરણે સુચારૂ અમલીકરણ સુનિશ્ચિત કરવાનો અને જનકલ્યાણકારી ઉપક્રમોની સમીક્ષા કરવાનો હતો.

મુલાકાત દરમિયાન કેન્દ્રીય રાજ્ય મંત્રીએ પુડુચેરી ખાતે ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (FCI), સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન (CWC), બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) અને નાગરિક પુરવઠા વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સાથે એક ઉચ્ચ-સ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં તમિલનાડુ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં ચાલી રહેલી વિવિધ યોજનાઓ, અનાજ સંગ્રહ ક્ષમતા અને વિતરણ પ્રક્રિયાની આંકડાકીય અને વહીવટી સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકમાં મંત્રીએ અનાજની ખરીદી અને જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ પારદર્શક અને સુદ્રઢ બનાવવા, વૈજ્ઞાનિક સંગ્રહ સુવિધાઓનું આધુનિકીકરણ કરવા, તથા ગુણવત્તાના ધોરણો અને પ્રમાણપત્રના વ્યાપને વિસ્તારવા અંગે સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારની એજન્સીઓ અને સ્થાનિક વહીવટીતંત્ર વચ્ચે શ્રેષ્ઠ સંકલન સ્થાપિત કરીને જનકલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના નાગરિક સુધી પહોંચાડવો જોઈએ.

આ બેઠકમાં પુડુચેરીના ગૃહમંત્રી એ. નમાસિવાયમ, ધારાસભ્ય એ. જોનકુમાર, કરાઈકલના ધારાસભ્ય ડૉ. વી. વિથ્યનેશ્વરન, FCIના જનરલ મેનેજર અસીમ છાબરા, BISના વરિષ્ઠ નિયામક એસ. ડી. દયાનંદ, નાગરિક પુરવઠા નિયામક મુથુ મીના અને ઝોઝ ચેન્નાઈના જનરલ મેનેજર જે. નવુક્કારસુ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ મુલાકાતના અગત્યના ભાગરૂપે પુડુચેરીની શ્રી શંકર વિદ્યાલય હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓ માટે ખાસ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાના માધ્યમથી વિદ્યાર્થીઓને લોકશાહી મૂલ્યો, બંધારણીય સિદ્ધાંતો, સહિષ્ણુતા અને જવાબદાર નાગરિકત્વ વિશે જાગૃત કરવામાં આવ્યા હતા.

મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ પોતાના વિચારો વ્યક્ત કરતા લેખન દ્વારા અરાજકતાના જોખમો અને સંવાદની તાકાત વિશે મંતવ્યો રજૂ કર્યા હતા.

મંત્રીએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે જાગૃત અને બંધારણ પ્રત્યે આદર ધરાવતા યુવાનો જ મજબૂત લોકશાહી અને 'વિકસિત ભારત'નો પાયો છે. આ પ્રસંગે પુડુચેરીના ગૃહ અને શિક્ષણ મંત્રી એ. નમસ્સિવયમ, ભાજપ પ્રદેશ અધ્યક્ષ વી. પી. રામલિંગમ, પૂર્વ વિધાનસભા અધ્યક્ષ આર. સેલ્વમ, પ્રદેશ ઉપાધ્યક્ષા એસ. જયલક્ષ્મી, પ્રદેશ સચિવ તમિલ મારન, શાળાના સંવાદદાતા મથામલરામ, શહેર જિલ્લા અધ્યક્ષ શક્તિ કૃષ્ણરાજ અને શાળાના આચાર્ય ધર્મ સંવર્ધિની સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

લેફ્ટનન્ટ ગવર્નર કે કૈલાશનાથન સાથે કરી સૌજન્ય મુલાકાત



પોતાની મુલાકાતના પ્રારંભે મંત્રી નિમુબેન બાંભણિયાએ પુડુચેરીના લેફ્ટનન્ટ ગવર્નર કે. કૈલાશનાથન સાથે રાજભવન ખાતે સૌજન્ય મુલાકાત કરી હતી. આ બેઠક દરમિયાન કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીના સર્વાંગી વિકાસ, વહીવટી અગ્રતાક્રમો, જનહિત સંબંધિત મુદ્દાઓ અને કેન્દ્ર સરકાર તથા સ્થાનિક તંત્ર વચ્ચેના સંકલનને વધુ મજબૂત બનાવવા અંગે વિસ્તૃત અને સાર્થક ચર્ચા કરવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

સોનુ ખરીદો અને લક્ષ્મીજીની કૃપા મેળવો

ભારતીય સમાજ અને સોનાનો સંબંધ હજારો વર્ષ જૂનો છે. લગ્નપ્રસંગ, તહેવારો, જન્મ, પૂજા કે સંકટ દરેક સમયે સોનું માત્ર ધાતુ નથી રહેતું, પરંતુ ભાવનાત્મક સુરક્ષા, પરંપરા અને વિશ્વાસનું પ્રતીક બની જાય છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં સોનાના ભાવમાં જે રીતે ઐતિહાસિક વધારો થયો છે, તેને જોતા હવે "સોનું લેવું સપનું બની ગયું છે" એવું કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી.દિવસેને દિવસે સોનાના ભાવ નવા રેકોર્ડ બનાવે છે. આ ભાવવધારા વચ્ચે એક આશ્ચર્યજનક હકીકત સામે આવી છેલભારતીય ઘરોમાં જેટલું સોનું સંગ્રહિત છે, તેની કુલ કિંમત આજે અનેક દેશોની GDP કરતાં પણ વધુ થઈ ગઈ છે. અહીં સુધી કે તે ભારતની હાલની GDPને પણ પાછળ છોડી ચૂક્યું છે.વિશ્વવિખ્યાત રોકાણ બેંક મોર્ગન સ્ટેનલીએ ગયા વર્ષના ઓક્ટોબર મહિનામાં એક મહત્વનો અંદાજ રજૂ કર્યો હતો. તેમના મુજબ ભારતીય પરિવારો પાસે અંદાજે ૩૪,૬૦૦ ટન સોનું છે. આ આંકડો માત્ર સંખ્યા નથી, પરંતુ ભારતના સામાજિક અને આર્થિક સ્વભાવને સમજાવતો દર્પણ છે.જો આજના આંતરરાષ્ટ્રીય બજારભાવ મુજબ તેની કિંમત ગણીએ તો તે આશરે ૫ ટ્રિલિયન ડોલર, એટલે કે ભારતીય ચલણમાં લગભગ ૪૫૦ લાખ કરોડ રૂપિયા થાય છે.આ આંકડો સાંભળતાં સ્વાભાવિક રીતે મનમાં પ્રશ્ન ઊભો થાય છેલશું ખરેખર ભારતીય લોકોના ઘરોમાં પડેલું સોનું દેશની કુલ અર્થવ્યવસ્થા કરતાં વધુ મૂલ્યવાન છે? આ પ્રશ્નનો જવાબ કદાચ "હા" છે. આંતરરાષ્ટ્રીય મોનેટરી ફંડ (IMF)ના આંકડા અનુસાર ભારતની હાલની GDP અંદાજે ૪.૧ ટ્રિલિયન ડોલર જેટલી છે, જે લગભગ ૩૭૦ લાખ કરોડ રૂપિયા થાય છે. સરકારનો દાવો છે કે ભારત ૨૦૨૭ સુધીમાં ૫ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનશે, પરંતુ હાલમાં તો ભારતીય ઘરોમાં રહેલું સોનું જ આ લક્ષ્યાંકને પાર કરી ચૂક્યું છે.સોનાના ભાવમાં થયેલા આ અભૂતપૂર્વ વધારાનું મુખ્ય કારણ વૈશ્વિક અનિશ્ચિતતા છે. યુદ્ધો, મંદીનો ભય, મહંગાઈ, કરન્સી પર વિશ્વાસમાં ઘટાડોલ આ બધાં કારણોસર દુનિયાભરના રોકાણકારો ફરી સોનાની તરફ વળ્યા છે. આંતરરાષ્ટ્રીય બજારમાં હાલમાં સોનાનો ભાવ લગભગ ૪,૫૦૦ ડોલર પ્રતિ ઔંસ સુધી પહોંચ્યો છે. ભારતીય બજારમાં તેનું રૂપાંતર કરીએ તો તે પ્રતિ ૧૦ ગ્રામ લગભગ ૧,૪૨,૭૦૦ રૂપિયા થાય છે.ભારતમાં સોનાનું મહત્વ માત્ર ખાનગી ઘરો સુધી સીમિત નથી. દેશની કેન્દ્રીય બેંક, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI), પણ છેલ્લા કેટલાક વર્ષોમાં પોતાના સોનાના ભંડારમાં નોંધપાત્ર વધારો કરી રહી છે. ૨૦૨૪થી અત્યાર સુધી RBIએ આશરે ૭૫ ટન સોનું ખરીદ્યું છે, જેના કારણે RBI પાસે કુલ સોનાનો જથ્થો લગભગ ૮૮૦ ટન થયો છે. મોર્ગન સ્ટેનલીના અહેવાલ મુજબ હવે ભારતના કુલ વિદેશી હૂંડિયામણ ભંડારમાં સોનાનો હિસ્સો લગભગ ૧૪ ટકા જેટલો થયો છે.આ સ્થિતિ સ્પષ્ટ કરે છે કે માત્ર સામાન્ય લોકો જ નહીં, પરંતુ નીતિ નિર્માતાઓ પણ સોનાને સુરક્ષિત સંપત્તિ તરીકે જોઈ રહ્યા છે. જ્યારે ડોલર, યુરો જેવી કરન્સી પર વૈશ્વિક સ્તરે પ્રશ્નચિહ્ન ઊભા થાય છે, ત્યારે સોનું વિશ્વસનીય વિકલ્પ તરીકે આગળ આવે છે.વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (WGC)ના આંકડા પણ ભારતની સોનાપ્રેમી ઓળખને સમર્થન આપે છે. WGC મુજબ ભારત દુનિયામાં સોનાનો બીજો સૌથી મોટો ખરીદદાર દેશ છે. ચીન લગભગ ૨૮ ટકા હિસ્સા સાથે પ્રથમ સ્થાને છે, જ્યારે ભારત ૨૬ ટકા હિસ્સા સાથે બીજા સ્થાને છે. આ આંકડો દર્શાવે છે કે ભારત અને ચીન બંને દેશોમાં સોનાને માત્ર રોકાણ નહીં.

કાળી ચૌદસ : અંધકારની રાત્રિએ પ્રકાશનું અવતરણ

કાળી ચૌદસનું નામ સાંભળતાં જ મનમાં એક ભયભીત પરંતુ રહસ્યમય ચિત્ર ઉપસી આવે છે. કાળી ચૌદસ એ દિવાળીના પાંચ દિવસીય મહાપર્વનો ત્રીજો દિવસ છે, જે આસો માસના કૃષ્ણ પક્ષની ચતુર્દશી તિથિએ ઉજવવામાં આવે છે . આ દિવસને નરક ચતુર્દશી, રૂપ ચૌદસ અને છોટી દિવાળી જેવા અનેક નામોથી પણ ઓળખવામાં આવે છે . ભારતીય સંસ્કૃતિમાં આ તિથિનું વિશેષ સ્થાન છે, કારણ કે તે અંધકાર પર પ્રકાશના વિજયનું પ્રતીક છે. આ દિવસે માત્ર ઉત્સવની ઉમંગ નથી હોતી, પરંતુ એક ઊંડી આધ્યાત્મિક સાધનાનો ભાવ પણ સમાયેલો છે. જ્યારે આપણે કાળી ચૌદસના મહત્વને સમજવાનો પ્રયાસ કરીએ છીએ, ત્યારે એ સ્પષ્ટ થાય છે કે આ દિવસ દુષ્ટ શક્તિઓ પર સદ્ગુણની જીતનો ઉત્સવ છે, જે મનુષ્યને તેના અંતરના અંધકારને દૂર કરવાનો સંદેશ આપે છે.

યમ દીપ અને મૃત્યુના ભય પર વિજય, માણસને સૌથી મોટામાં મોટો કોઈ ડર હોય તે મોતનો ભય છે. જે જન્મે છે તે મરી જાય છે. મરવું કોઈને ગમતું નથી પરંતુ એ જીવનનું અંતિમ સત્ય છે. ભગવદ્ ગીતામાં કહ્યું છે કે માનવીનો આત્મા અજર અમર છે આથી જ દિવાળી પૂર્વે મૃત્યુના ભય પર વિજય મેળવવા માટે કાળી ચૌદસનો તહેવારો ઉજવવામાં આવે છે.

પ્રાંસગિક
સુરેશ ભટ્ટ

કાળી ચૌદસનું નામ જ સૂચવે છે કે આ દિવસ માતા કાલીને સમર્પિત છે. "કાળી" શબ્દનો અર્થ અનંત અંધકાર થાય છે, અને "ચૌદસ" એટલે ચતુર્દશી તિથિ . ભારતના અનેક ભાગોમાં, ખાસ કરીને બંગાળમાં, આ દિવસે મહાકાલીની વિશેષ પૂજા કરવામાં આવે છે. માન્યતા છે કે આ દિવસે માતા કાલીએ નરકાસુરનો વધ કર્યો હતો, તેથી જ તેમની આરાધના દુષ્ટ શક્તિઓના નાશ માટે કરવામાં આવે છે . કાળી ચૌદસને મેલી વિદ્યાના સાધકો માટે પણ એક વિશેષ દિવસ માનવામાં આવે છે. તેઓ માને છે કે આ રાત્રિએ સ્મશાનમાં સાધના કરવાથી તેમની વિદ્યા સિદ્ધ થાય છે . જોકે, સામાન્ય ભક્તો માટે આ દિવસ ભયનો નહીં, પરંતુ શ્રદ્ધાનો છે. માતા કાલીની પૂજા એ શક્તિની સ્વીકૃતિ છે, જે આપણને જીવનના સંઘર્ષોનો સામનો કરવાની હિંમત આપે છે. આ ઉપાસનાનો સાર એ છે કે અંધકારથી ડરવું નહીં, પરંતુ તેને શક્તિમાં પરિવર્તિત કરવું.યમ દીપ અને મૃત્યુના ભય પર વિજય આ તહેવારનો સાર છે.

કાળી ચૌદસની સાંજે યમરાજના નામે દીપ પ્રગટાવવાની પરંપરા છે, જેને યમ દીપ કહેવામાં આવે છે. ધાર્મિક માન્યતા અનુસાર, દક્ષિણ દિશામાં મુખ કરીને યમનો દીપ પ્રગટાવવાથી અકાળ મૃત્યુનો ભય દૂર થાય છે અને પરિવારના સભ્યોને દીર્ઘાયુષ્યનું વરદાન મળે છે . આ પરંપરા પાછળ એક ઊંડો ભાવ છે—મૃત્યુ એ જીવનનું અટલ સત્ય છે, પરંતુ તેનાથી ડરવાને બદલે આપણે તેને સ્વીકારીને સદ્કર્મ કરવા જોઈએ. સ્કંદપુરાણમાં પણ આ તિથિએ યમરાજ માટે દીપદાનનું મહત્વ વર્ણવવામાં આવ્યું છે . આ ઉપરાંત, કેટલાક પરિવારોમાં પિતૃઓને ભોજન અર્પણ કરવાની પરંપરા પણ છે, જે દર્શાવે છે કે કાળી ચૌદસ મૃત્યુ અને પૂર્વજો સાથેના સંબંધને યાદ કરાવતો દિવસ છે . આ બધું મળીને એ સંદેશ આપે છે કે જીવન અને મૃત્યુ એકબીજાના વિરોધી નથી, પરંતુ એક જ ચક્રના બે ભાગ છે.હનુમાનજીની પૂજા: રક્ષણની કવચ આજનું મહત્વનું વિધાન છે.ગુજરાત અને મહારાષ્ટ્ર સહિત દેશના ઘણા ભાગોમાં કાળી ચૌદસના દિવસે હનુમાનજીની વિશેષ પૂજા કરવામાં આવે છે. માન્યતા છે કે આ રાત્રિએ ભૂત-પ્રેત, જાદુ-ટોણા જેવી નકારાત્મક શક્તિઓ વધુ સક્રિય હોય છે, અને હનુમાનજી અષ્ટસિદ્ધિ અને નવનિધિના દાતા તથા ભૂત-પ્રેતના નાશક માનવામાં આવે છે . આથી જ આ દિવસે હનુમાન ચાલીસાનો પાઠ કરવામાં આવે છે, "ૐ હનુમતે નમઃ" મંત્રનો જાપ કરવામાં આવે છે અને બજરંગબલીને સિંદૂર, તેલ અને ચોળા અર્પણ કરવામાં આવે છે . એક કથા અનુસાર, ભગવાન રામે હનુમાનજીની ભક્તિથી પ્રસન્ન થઈને વરદાન આપ્યું હતું કે જ્યાં પણ તેમની પૂજા થશે, ત્યાં પહેલા હનુમાનજીની પૂજા થશે . તેથી જ દિવાળી પહેલા હનુમાનજીની પૂજા કરવામાં આવે છે. આ પૂજા માત્ર ભયથી રક્ષણ માટે નથી, પરંતુ આંતરિક શક્તિ અને સાહસના જાગરણ માટે પણ છે. હનુમાનજી એ ભક્તિ, સેવા અને નિઃસ્વાર્થ સમર્પણના પ્રતીક છે, અને તેમની આરાધના આપણને જીવનમાં ધૈર્ય અને નિષ્ઠા સાથે આગળ વધવાની પ્રેરણા આપે છે.કાળી ચૌદસના દિવસે અભ્યંગ સ્નાનનું વિશેષ મહત્વ છે. અભ્યંગ એટલે તેલ અને ઉબટનથી શરીરની માલિશ કરીને સ્નાન કરવું. માન્યતા છે કે આ દિવસે સૂર્યોદય પહેલાં જાગીને અભ્યંગ સ્નાન કરવાથી બીમારીઓ દૂર થાય છે અને આયુષ્ય વધે છે . આ પરંપરા નરકાસુર વધ પછી ભગવાન કૃષ્ણના સ્નાન સાથે જોડાયેલી છે, પરંતુ તેનું વૈજ્ઞાનિક કારણ પણ છે—કાર્તિક માસમાં ઋતુ પરિવર્તન થાય છે, અને તેલ-ઉબટન શરીરને ઠંડીથી બચાવે છે અને ત્વચાને સ્વસ્થ રાખે છે. આ ઉપરાંત, ઘરની સફાઈ, રંગોળી અને દીપ પ્રગટાવવાની પરંપરા પણ છે. ગુજરાતમાં ખાસ કરીને



ખીર અને વડા બનાવવાનો રિવાજ છે, અને એવું માનવામાં આવે છે કે જેટલું તેલ બળે, તેટલો કકળાટ ટળે . આ બધી વિધિઓ મળીને કાળી ચૌદસને એક એવા દિવસમાં પરિવર્તિત કરે છે જ્યાં શારીરિક શુદ્ધિ, માનસિક શાંતિ અને આધ્યાત્મિક જાગરણ એકસાથે થાય છે.આજના સમયમાં કાળી ચૌદસનું સ્વરૂપ ભલે બદલાયું હોય, પરંતુ તેનો આત્મા અકબંધ છે. આ દિવસ આપણને યાદ કરાવે છે કે અંધકાર એ માત્ર બહારની દુનિયામાં નથી હોતો, પરંતુ આપણા મનમાં પણ હોય છે—અજ્ઞાન, ભય, લોભ અને અહંકારના રૂપમાં. કાળી ચૌદસ એ આ અંધકારને ઓળખીને તેના પર વિજય મેળવવાનો ઉત્સવ છે. માતા કાલીની પૂજા આપણને શક્તિ આપે છે, હનુમાનજીની આરાધના રક્ષણ આપે છે, યમ દીપ મૃત્યુના ભયને દૂર કરે છે અને અભ્યંગ સ્નાન શરીરને શુદ્ધ કરે છે. આ બધું મળીને એક સંપૂર્ણ સાધના બની જાય છે, જે આપણને જીવનના દરેક પડકારનો સામનો કરવા સક્ષમ બનાવે છે. ભારતીય સંસ્કૃતિમાં કાળી ચૌદસ એ વાતનું પ્રતીક છે કે અંધકાર જ્યાં સૌથી ઘાટો હોય છે, ત્યાં જ પ્રકાશની શોધ થાય છે. અને એ જ પ્રકાશ આપણને આગળ વધવાનો માર્ગ દેખાડે છે.

દિવાળીના પ્રકાશમાં આત્મસત્યની શોધ

દિવાળી નજીક આવી રહી છે અને બહારના આકાશમાં, ઘરની અગાસીમાં, બજારની દુકાનોમાં દીવાઓની હારમાળા ગોઠવાઈ રહી છે, પરંતુ આ બાહ્ય પ્રકાશ ત્યારે જ સાર્થક બને છે જ્યારે માણસ પોતાના ભીતરમાં એક દીવો પ્રગટાવે. એ દીવો એટલે આત્મશ્રદ્ધાનો દીવો, આત્મિક સત્ય સ્વરૂપ હોવાનો દીવો. વર્ષોથી આપણે દિવાળીને ફક્ત ઘર સાફ કરવાનો, નવા કપડા પહેરવાનો અને મીઠાઈ વહેંચવાનો તહેવાર માન્યો છે, પરંતુ તેનો મૂળ સંદેશ તો મનને સાફ કરવાનો છે. મનમાં વર્ષોથી જામી ગયેલી ભયની, શંકાની, બીજા શું કહેશે એવી ચિંતાની ધૂળને જો દિવાળીના દિવસોમાં પણ આપણે કાઢી ન શક્યા તો બહારની સફાઈનો કોઈ અર્થ રહેતો નથી. જીવનમાં નિષ્ફળતા કે નિરાશા આવે છે તેનું સૌથી મોટું કારણ આપણી અંદર ઘર કરી ગયેલો ભય છે. આ ભયને ઓળખવા માટે આત્મનિરીક્ષણની આદત કેળવવી અત્યંત જરૂરી છે. દિવાળીનો તહેવાર આપણને આત્મનિરીક્ષણ માટે સૌથી ઉત્તમ સમય આપે છે. ચોપડા પૂજન કરતી વખતે આપણે હિસાબના ચોપડા તો બદલીએ છીએ, પરંતુ જીવનના ચોપડામાં ક્યાં ભય, ક્યાં ભ્રમ અને ક્યાં શંકા જમા થયા છે તેનો હિસાબ ક્યારેય કર્યો છે ખરો. માણસે સભાનપણે એ જોવું પડશે કે કયા ગુણની ઉણપ તેને પાછળ ખેંચે છે. ઘણીવાર તે ઉણપ બહાર નથી હોતી, અંદર હોય છે અને તેનું નામ ભય છે. આ ભયને મનમાંથી હાંકી કાઢવાની હિંમત એ જ ખરી લક્ષ્મી પ્રાપ્તિ છે. સ્વામી વિવેકાનંદ હંમેશા કહેતા કે અભય જેવો બીજો કોઈ મિત્ર નથી. જે માણસ અભયમાં સ્થિર થાય છે તે જ સાચા અર્થમાં આત્મવિશ્વાસ, આત્મજ્ઞાન, આત્મસંયમ, આત્મશ્રદ્ધા, આત્મશક્તિ અને આત્મિક સત્ય સ્વરૂપ જીવન એ છ સંપત્તિઓનો માલિક બને છે. આ છ વસ્તુઓ જ જીવનને બળ આપે છે અને સફળતા તરફ દોરી જાય છે. આત્મવિશ્વાસ વધારવાનો સૌથી સરળ અને સત્ય રસ્તો એ છે કે જે કામ કરતા તમને ડર લાગે છે એ જ કામને તમે હાથમાં લો. ડરને ટાળવાથી ડર વધે છે, ડરનો સામનો કરવાથી ડર ઘટે છે. જેમ જેમ તમે નાના નાના ભય ઉપર વિજય મેળવશો તેમ તેમ તમારો આત્મવિશ્વાસ વધુ દૃઢ બનતો જશે અને એક દિવસ તમે ભય, ભ્રમ, સંશય અને શંકાથી સંપૂર્ણ નિવૃત્ત થઈને અભય બની જશો. દિવાળીના દિવસે આપણે અજવાળું કરીએ છીએ કારણ કે અંધારું દૂર કરવું છે, એમ જ જીવનમાં પણ આપણે પુરુષાર્થ કરવો પડે છે કારણ કે ભયના અંધારાને દૂર કરવું છે. સત્યના આધારે કરેલો પુરુષાર્થ ક્યારેય નિષ્ફળ જતો નથી. માણસને સૌથી વધુ ડર એ વાતનો લાગે છે કે લોકો શું કહેશે. આ વિચાર જ માણસને અડધો નબળો પાડી દે છે. દિવાળી આપણને શીખવે છે કે આપણે ઘેટા નથી કે ટોળામાં ચાલીએ. આપણે ચિન્મય છીએ, ચેતન સ્વરૂપ છીએ. આપણી બુદ્ધિ, આપણું મન, આપણું ચિત્ત જો શુદ્ધ, સંતુલિત અને સમતાયુક્ત હશે તો આપણો દરેક નિર્ણય સાચો હશે. એટલે બીજાના અભિપ્રાયો, બીજાની માન્યતાઓને એક બાજુ મૂકીને પોતાના આત્મિક સત્ય પ્રમાણે જીવવાની કળા શીખવી પડશે. અહંકારથી મુક્ત થઈને, પોતાના સ્વભાવને, પોતાના વિચારને, પોતાના કર્મને ઓળખીને જ્યારે માણસ અભય બનીને જીવે છે ત્યારે જ તેને સત્ય ધર્મનું આચરણ કહેવાય છે. અભય એ જ જીવની મહાસિદ્ધિ છે. આ દિવાળીએ નક્કી કરો કે પાછળ વળીને જોવું નથી, દૃષ્ટિ અને સૂઝ હંમેશા આગળ રાખવી છે. જ્યાં ભય અને ભ્રમથી નિવૃત્તિ છે અને પ્રેમ અને સત્યનો સ્વીકાર છે ત્યાં સફળતા સામે ચાલીને આવે છે અને પગ ચૂમે છે. આ જ સાચી દિવાળી છે, આ જ નવા વર્ષનો સાચો સંકલ્પ છે.

માનવીએ મનની અંદર રહેલી નકારાત્મકતા દૂર કરીને નવા ઉત્સાહ અને ઉમંગ સાથે પોતાના કર્તવ્યો નિભાવવા જોઈએ. ગઈકાલ ભલે અંધકારના ઓછાયામાં વીતી હોય પરંતુ આવતીકાલ માટે આશાવાદી બનીએ અને પોતાનું કર્તવ્ય સારી રીતે નિભાવીએ એટલે આપમેળે નિશદિન દિવાળીનો ઉત્સવ બની જશે

દિવાળીના દિવ્ય પર્વ પર શ્રીયંત્ર દ્વારા સ્થિર લક્ષ્મીની પ્રાપ્તિ

લક્ષ્મીજી આવે અને આપણે ઘરમાં આપણી ઓફિસમાં સ્થિર થઈને રહે તેવું જો તમે ઈચ્છતા હો તો આ લેખ આપ ધ્યાનપૂર્વક વાંચો અને તેનો અમલ કરો નવા વર્ષમાં આ પ્રમાણે કરશો તો વાસ્તુશાસ્ત્ર પ્રમાણે આપને ત્યાં લક્ષ્મીજી સ્થિર થઈને રહેશે તેમાં કોઈ શંકા વગરની વાત છે.

દિવાળીને દિવસે સૌ કોઈ લક્ષ્મી પૂજન કરે છે લક્ષ્મી પૂજન કરવાથી હેલ્થ વેલ્થ ને હેપીનેસ ત્રણેય વસ્તુ મળે છે લક્ષ્મીજીને આવકારવા માટે સૌ કોઈ લક્ષ્મી પૂજન કરે છે. લક્ષ્મીજી કાયમ આપણા ઘરમાં આપણી ઓફિસમાં સ્થિર થઈને રહે તે માટે માતાજી બેઠા હોય તેવો ફોટો પૂજામાં સ્થાપિત કરવો જરૂરી છે. લક્ષ્મીજી ઉભા હોય તો કોઈ પણ સમયે તે ચાલ્યા જાય એવું બને પરંતુ જો બેઠા હોય તો તે સ્થિર થઈને રહે છે. લક્ષ્મીજી સાથે જો નારાયણનો ફોટો હોય તો લક્ષ્મીજી સ્થિર થઈને આપણે ત્યાં રહે છે.સાથે જો ગણપતિજી હોય તો તમામ વિઘ્નો દૂર થાય છે આ માટે સર્વોત્તમ ઉપાય હોય તો તે શ્રીયંત્ર છે. શ્રીયંત્રની સાથે શ્રીસૂક્તનો પાઠ કરો તે અતિશય જરૂરી છે સમૃદ્ધિ માટેનો આ આધ્યાત્મિક માર્ગ છે

ભારતીય પંચાંગનો સૌથી તેજસ્વી અવસર એટલે દિવાળી. અમાસની કાળી રાત પણ જ્યારે હજારો દીવડાઓથી પૂનમ કરતા વધુ ઉજળી બની જાય તે પર્વ એટલે દીપાવલી. આ તહેવારનું હાર્દ છે મહાલક્ષ્મી પૂજન. પુરાણો કહે છે કે દિવાળીની રાત્રે દેવી લક્ષ્મી પોતાના ઘુવડ પર સવાર થઈને દરેક ઘરના આંગણે આવે છે. તેઓ જુએ છે કે કયા ઘરમાં પવિત્રતા છે, કયા ઘરમાં દીવો પ્રગટી રહ્યો છે અને કયા ઘરમાં સત્કર્મ થઈ રહ્યા છે. જે ઘરમાં ઉત્સાહ, સ્વચ્છતા અને શ્રદ્ધાનો ત્રિવેણી સંગમ હોય ત્યાં તેઓ પોતાનો કાયમી વાસ બનાવે છે. તેથી દિવાળીની લક્ષ્મી પૂજા એ માત્ર એક ધાર્મિક ક્રિયા નથી પણ પોતાના અંતરના અંધકારને દૂર કરીને ચેતનાને જાગૃત કરવાની સાધના છે. આ એક રાતની પૂજા આખા વર્ષના ભાગ્યની દિશા નક્કી કરે છે એવું વડીલો માને છે.

દિવાળીની સાંજે લક્ષ્મી પૂજનનું દ્રશ્ય અત્યંત મનોહર હોય છે. ગૃહલક્ષ્મીઓ સ્નાન કરીને નવા વસ્ત્રો ધારણ કરે છે. ઘરના મુખ્ય દ્વાર પર હળદર કંકુથી સ્વસ્તિક કરવામાં આવે છે અને કંકુથી પગલા બનાવવામાં આવે છે. પૂજા સ્થાન પર ચોખા અને કંકુથી અષ્ટદળ કમળ બનાવી તેની વચ્ચે શ્રી લક્ષ્મી, ગણેશજી અને કુબેરજીની મૂર્તિ કે ચિત્ર સ્થાપિત કરવામાં આવે છે. પંચામૃતથી સ્નાન કરાવીને ચંદન, અક્ષત, ગુલાબ અને કમળના પુષ્પો ચઢાવવામાં આવે છે. ઘીનો દીવો પ્રગટાવીને કમળના બીજની કે સ્ફટિકની માળાથી મંત્ર જાપ કરવામાં આવે છે. આરતીના સમયે આખો પરિવાર એક સાથે બેસીને પ્રાર્થના કરે છે કે હે મા, અમારા ઘરમાં ધનની સાથે ધર્મ પણ રહે અને વૈભવની સાથે વિવેક પણ રહે. સાચી લક્ષ્મી પૂજા ત્યારે જ ફળે છે જ્યારે આપણે પ્રામાણિકતાથી ધન કમાઈને તેને સારા કાર્યમાં વાપરીએ.લક્ષ્મીજીના પ્રાગટ્યની કથા આપણને જીવનનું ઊંડું રહસ્ય સમજાવે છે. સતયુગની વાત છે. એકવાર મહર્ષિ દુર્વાસાએ પોતાની તપસ્યાના બળથી બનેલી દિવ્ય માળા દેવરાજ ઇન્દ્રને ભેટ આપી. ઐશ્વર્યના નશામાં ઇન્દ્રએ તે માળાનું અપમાન કરીને તેને પોતાના હાથી ઐરાવતના મસ્તક પર ફેંકી દીધી. હાથીએ તે માળાને પગ તળે કચડી નાખી. આ જોઈને દુર્વાસા મુનિ અત્યંત ક્રોધિત થયા અને શ્રાપ આપ્યો કે જે લક્ષ્મીના અભિમાનમાં તું આચરી રહ્યો છે તે લક્ષ્મી જ તને છોડી દેશે. થોડા જ સમયમાં દેવતાઓનું તમામ વૈભવ નષ્ટ થઈ ગયું અને દૈત્યોએ સ્વર્ગ પર કબજો કરી લીધો. દેવતાઓ દુઃખી થઈને ભગવાન વિષ્ણુના શરણે ગયા.

આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

વિષ્ણુ ભગવાને ઉપાય બતાવ્યો કે જો તમે ક્ષીરસાગરનું મંથન કરશો તો તેમાંથી ફરીથી લક્ષ્મી પ્રગટ થશે. સમુદ્ર મંથનમાંથી કાલકૂટ ઝેર, કામધેનુ, ઉચ્ચૈશ્રવા ઘોડો, ઐરાવત અને અનેક રત્નો નીકળ્યા અને અંતે સફેદ કમળ પર બેઠેલા, સુવર્ણ આભૂષણોથી શોભતા અને હાથમાં વરદ મુદ્રા ધારણ કરેલા દેવી લક્ષ્મી પ્રગટ થયા. તેમણે સીધા જઈને વિષ્ણુ ભગવાનના હૃદયમાં સ્થાન લીધું. આ કથાનો સંદેશ સ્પષ્ટ છે કે લક્ષ્મી ત્યાં જ રહે છે જ્યાં નમ્રતા અને કૃતજ્ઞતા હોય છે.આ સ્થિર લક્ષ્મીને પોતાના ઘરમાં કાયમ માટે રોકી રાખવાનું સૌથી શક્તિશાળી માધ્યમ એટલે શ્રી યંત્ર. શ્રી યંત્રને તમામ યંત્રોમાં શિરોમણી કહેવામાં આવ્યો છે. તેની ઉત્પત્તિ વિશે કહેવાય છે કે આદિ શંકરાચાર્યે પણ તેની સ્થાપના કરી હતી. શ્રી યંત્રની રચના અત્યંત વૈજ્ઞાનિક છે. તેમાં એક કેન્દ્ર બિંદુની આસપાસ નવ આવરણો હોય છે. આ નવ આવરણો નવ ચક્રો તરીકે ઓળખાય છે. બહારના ભાગમાં ચાર દરવાજા વાળો ભૂપુર છે જે પૃથ્વી તત્વનું પ્રતીક છે. તે પછી સોળ કમળની પાંખડીઓ અને આઠ કમળની પાંખડીઓ છે. તેની અંદર નવ ત્રિકોણોની અદભુત ગૂંથણી છે. ઉપરની તરફ મુખ રાખતા ચાર ત્રિકોણ શિવ સ્વરૂપ છે અને નીચેની તરફ મુખ રાખતા પાંચ ત્રિકોણ શક્તિ સ્વરૂપ છે. આ બંનેના મિલનથી જ સૃષ્ટિનું સર્જન થાય છે. આ નવ ત્રિકોણોમાંથી કુલ તેતાલીસ નાના ત્રિકોણ બને છે અને દરેક ત્રિકોણમાં એક અધિષ્ઠાત્રી દેવીનો વાસ છે. સૌથી વચ્ચે જે બિંદુ છે તેને સર્વાનંદમય ચક્ર કહેવાય છે અને ત્યાં જ સાક્ષાત ત્રિપુર સુંદરી લલિતા દેવી બિરાજમાન છે. તેથી શ્રી યંત્ર એ માત્ર લક્ષ્મીનું જ નહીં પરંતુ સમગ્ર દેવી શક્તિનું પ્રતિક છે.જ્યારે આવા સિદ્ધ શ્રી યંત્રને દિવાળીના શુભ મુહૂર્તમાં ઘર, દુકાન કે ઓફિસમાં વિધિપૂર્વક સ્થાપિત કરવામાં આવે છે ત્યારે તેનું સ્પંદન આખા વાતાવરણને બદલી નાખે છે. વાસ્તુશાસ્ત્ર કહે છે કે શ્રી યંત્ર વાસ્તુના તમામ દોષોને ખેંચી લે છે અને ઘરમાં સકારાત્મક ઊર્જાનો પ્રવાહ વહેતો કરે છે. જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણે તે નવગ્રહોની અશુભ અસરને શાંત કરે છે કારણ કે તેના નવ ચક્રો નવ ગ્રહો સાથે સીધા જોડાયેલા છે. જે વ્યક્તિ દરરોજ સવારે સ્નાન કરીને શ્રી યંત્ર પર કંકુ, ચોખા અને ફૂલ ચઢાવે છે તેના જીવનમાં કુબેરની કૃપા વરસે છે. તેની આવકમાં વૃદ્ધિ થાય છે, નોકરી અને ધંધામાં અવરોધો દૂર થાય છે, બીમારીનો પડછાયો પણ ઘરથી દૂર રહે છે. સૌથી મોટી વાત એ છે કે તે પરિવારના સભ્યો વચ્ચે પ્રેમ અને સંવાદ વધારે છે અને બાળકોની બુદ્ધિને તીવ્ર બનાવે છે. તે દરેક ધર્મ અને સંપ્રદાયના લોકો માટે સમાન રીતે ફળદાયી છે કારણ કે તે કોઈ અંધશ્રદ્ધા નથી પણ ઊર્જા વિજ્ઞાન છે. દુનિયાનું આ સૌથી ચમત્કારી યંત્ર કોહિનૂર હીરાની જેમ જેના ઘરમાં હોય તેનું ભાગ્ય હંમેશા ચમકતું રહે છે.આ યંત્રની શક્તિને અનેક ગણી વધારી દે છે શ્રી સૂક્ત. ઋગ્વેદના પરિશિષ્ટમાં આવેલું શ્રી સૂક્ત પંદર મંત્રોનું બનેલું છે. તેનો સાર એ છે કે દેવી લક્ષ્મીનું સાચું સ્વરૂપ સમજવું. શ્રી સૂક્ત કહે છે કે હે અગ્નિદેવ, અમને સોના જેવી તેજસ્વી, ગાયો અને ઘોડાઓથી યુક્ત, હાથમાં કમળ ધારણ કરનારી લક્ષ્મીને અમારા ઘરે લઈ આવો. તે ચંદ્ર જેવી સૌમ્ય, સૂર્ય જેવી તેજસ્વી અને અત્યંત સુંદર છે. તેના આગમનથી હાથીઓના ગંડસ્થળમાંથી મદ ઝરે



છે તેવો આનંદ છવાય છે. શ્રી સૂક્ત આપણને પ્રાર્થના શીખવે છે કે હે દેવી, અમને ધનની સાથે શ્રદ્ધા પણ આપો, અમને ભોજનની સાથે સંતોષ પણ આપો. અમને એવી લક્ષ્મી આપો જે અમને સન્માર્ગે લઈ જાય. સૂક્તમાં અલક્ષ્મીને દૂર કરવાની પ્રાર્થના પણ છે, એટલે કે આળસ, ભૂખમરો, કંજૂસાઈ અને ઝઘડાને દૂર કરો. આ રીતે શ્રી સૂક્તનો સાર એ છે કે લક્ષ્મી એટલે સમગ્રતા. જ્યારે શ્રી યંત્રની સામે રુદ્રાક્ષની માળા ધારણ કરીને શ્રી સૂક્તનો પાઠ કરવામાં આવે છે ત્યારે સાધકના શરીરમાં એક દિવ્ય કવચ બની જાય છે અને તેની દરેક મનોકામના ધીરે ધીરે પૂર્ણ થવા લાગે છે. આ દિવાળીએ જો તમે સાચા હૃદયથી આ યંત્રની સ્થાપના કરશો તો પહેલા દિવસથી જ તેની અસરનો અનુભવ તમને થશે એવો સંતોનો અનુભવ છે.

હર્ષિતા સમરવિક્રમા ઈમર્જિંગ નેશન્સ ટ્રોફીમાં શ્રીલંકાની મહિલા ક્રિકેટ ટીમનું નેતૃત્વ કરશે

કોલંબો,

શ્રીલંકાની મહિલા ક્રિકેટ ટીમ અંગે મોટા સમાચાર સામે આવ્યા છે. લાંબા સમય સુધી ટીમનું નેતૃત્વ કરનારી ચમારી અટાપટ્ટુને ઈમર્જિંગ નેશન્સ ટ્રોફી માટે આરામ આપવામાં આવ્યો છે. તેમની ગેરહાજરીમાં, હર્ષિતા સમરવિક્રમાને કેપ્ટનશીપ સોંપવામાં આવી છે, જ્યારે કવિશા દિલહારી ઉપ-કેપ્ટન રહેશે. શ્રીલંકાએ આ ટુર્નામેન્ટ માટે ૧૪ સભ્યોની ટીમ પસંદ કરી છે, જેમાં ખાસ કરીને યુવા ખેલાડીઓ પર ભાર મૂકવામાં આવ્યો છે. ટીમની સરેરાશ ઉંમર માત્ર ૨૧ વર્ષ છે, જે દર્શાવે છે કે શ્રીલંકા હવે ભવિષ્ય માટે ટીમ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.

શ્રીલંકા ૧૨ થી ૨૫ નવેમ્બર દરમિયાન નેપાળમાં યોજાનારી ઈમર્જિંગ નેશન્સ ટ્રોફીમાં નવા નેતૃત્વ હેઠળ મેદાનમાં ઉતરશે. અટાપટ્ટુ ઉપરાંત, એશિયન ગેમ્સની ટીમમાંથી ઘણા અન્ય ખેલાડીઓને પણ બાકાત રાખવામાં આવ્યા છે. આમાં હંસિમા કરુણારત્ને, અનુષ્કા સંજીવની, નિમાશા મીપગે, કાવ્યા કવિંડી અને મિતાલી અયોધ્યાનો સમાવેશ થાય છે. સત્ય સંદીપાણી, રશ્મિકા સેવવંડી, મલ્કી મદારા અને ચેતના વિમુક્તિનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે.



આ શ્રીલંકાની ટીમ અનુભવ અને યુવા ઉત્સાહનું મિશ્રણ દર્શાવશે. ૧૪ સભ્યોની ટીમમાં ફક્ત ત્રણ ખેલાડીઓ ૩૦ વર્ષથી વધુ ઉંમરના છે. આમાં ૩૭ વર્ષીય નિલક્ષિકા સિલ્વા, ૩૫ વર્ષીય સુગંધિકા કુમારી અને ૩૧ વર્ષીય હસિની પરેરાનો સમાવેશ થાય છે. બાકીની ખેલાડીઓ ૩૦ વર્ષથી ઓછી ઉંમરના છે. નોંધનીય છે કે, ટીમમાં બે ખેલાડીઓ ફક્ત ૧૭ વર્ષની છેઃ સંજના કવિંડી અને ચામુદી પ્રબોધ.ચમારી અટાપટ્ટુની ગેરહાજરીમાં, કેપ્ટન હર્ષિતા સમરવિક્રમા બેટિંગનું નેતૃત્વ કરશે. સંજના કવિંડી પણ એક મુખ્ય ખેલાડી હશે, જેણે તાજેતરના સમયમાં શ્રીલંકા અંડર-૧૯ ટીમ માટે અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે. તેણીએ તેની છેલ્લી ચાર ટી ૨૦ ઇનિંગ્સમાં ત્રણ વખત ૫૦ થી વધુ રન બનાવ્યા છે. બેટિંગ વિભાગમાં ઈમેશા દુલાની, વિશ્મી ગુણારત્ને, કવિશા દિલહારી, હસિની પરેરા, નિલક્ષિકા સિલ્વા, કૌશિની નુથ્યાંગના અને સત્ય સંદીપાનીનો પણ સમાવેશ થાય છે.

ઓમાને આઈસીસી મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૭ ક્વોલિફાયર્સમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું

નવીદિલ્હી,

૨૦૨૭ વનડે વર્લ્ડ કપ દૂર નથી.આઈસીસીએ પહેલાથી જ જાહેરાત કરી દીધી છે કે આવતા વર્ષે વર્લ્ડ કપ ઓક્ટોબરથી નવેમ્બર દરમિયાન રમાશે. દરમિયાન, બીજી ટીમે ક્વોલિફાયરમાં પોતાનું સ્થાન કન્ફર્મ કરી લીધું છે. આ ઓમાન છે. જો કે, હજુ સુધી તે નિશ્ચિત નથી કે ટીમ વર્લ્ડ કપ મેચ રમી શકશે કે નહીં. દરમિયાન, યજમાન દેશ નામિબિયાની શક્યતા વધી ગઈ છે, પરંતુ તેઓ હજુ સુધી રેસમાંથી સંપૂર્ણપણે બહાર નથી થયા.ઓમાને આઈસીસી મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૭ ક્વોલિફાયર્સમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે. ટીમે લીગ ૨ માં ચોથું સ્થાન મેળવ્યું છે, જેનાથી



તેમનો પ્રવેશ નિશ્ચિત થયો છે. રસપ્રદ વાત એ છે કે નામિબિયા અને ઓમાન પોઈન્ટમાં સમાન છે, પરંતુ નેટ રન રેટમાં થોડો ફાયદો થવાથી ઓમાન આગળ વધી શક્યો, જેના કારણે નામિબિયા બહાર થઈ ગયું. ઓમાને તેમનો અંતિમ લીગ મેચ જીતી લીધો. ટીમ યુએસએ સામે ૧૦૩ રન બનાવતાની સાથે જ નામિબિયાને પાછળ છોડી દેવામાં સફળ રહી.

હવે, ક્વોલિફાયર માટે ક્વોલિફાય થયેલી ટીમો પર નજર કરીએ તો, યુએસએ લીગ ૨ માં પ્રથમ સ્થાને રહીને પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું.

હોકી દિગ્ગજ એમએમ સોમૈયાના ઘરમાંથી ૧૯૮૦ મોસ્કો ઓલિમ્પિકના સુવર્ણ ચંદ્રકની ચોરી

બેંગ્લુરુ,

જે સુવર્ણ ચંદ્રક માટે એક ખેલાડીએ વર્ષો સુધી મેદાનમાં મહેનત કરી હતી અને દેશને ગૌરવ અપાવ્યું હતું, તે હવે ચોરોના હાથમાં આવી ગયું છે. ભારતીય હોકી દિગ્ગજ એમએમ સોમૈયાના બેંગલુરુ સ્થિત ઘરે ચોરી થઈ છે. ચોરોએ ઘરમાંથી કિંમતી વસ્તુઓ જ નહીં, પરંતુ ભારતીય હોકીના ઇતિહાસમાંથી ઘણી અમૂલ્ય સ્મૃતિચિહ્નો પણ ચોરી લીધા. આમાં ૧૯૮૦ ના મોસ્કો ઓલિમ્પિકમાં ભારતીય ટીમ સાથે જીતેલો સુવર્ણ ચંદ્રક પણ શામેલ છે. એમએમ સોમૈયા એક મહાન હોકી ખેલાડી હતા અને ભારતીય ટીમ માટે ઘણી ઐતિહાસિક જીતનો ભાગ હતા. તેમણે ત્રણ ઓલિમ્પિક રમતોમાં



ભાગ લીધો હતો અને ભારતીય હોકી ટીમના કેપ્ટન તરીકે પણ સેવા આપી હતી.આ ઘટના બેંગલુરુના ઇન્દિરાનગર વિસ્તારના ન્યૂ થિપ્પાસન્દ્રામાં બની હતી. અહેવાલો અનુસાર, ચોરોએ સોમૈયાના ઘરને નિશાન બનાવ્યું હતું જ્યારે તેઓ તેમના પરિવાર સાથે શહેરની બહાર હતા. એવું કહેવાય છે કે સોમૈયા ૨૫ થી ૨૮ ઓક્ટોબરની વચ્ચે તેમના વતન કોડગુની મુલાકાતે હતા. આ સમય દરમિયાન, ચોરો તેમના ઘરમાં ઘૂસી ગયા અને અન્ય કિંમતી વસ્તુઓ સાથે અનેક કિંમતી ચંદ્રકો ચોરી ગયા.ઇન્દિરાનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆર મુજબ, એમએમ સોમૈયા ૨૫ ઓક્ટોબરના રોજ સાંજે ૫ વાગ્યે તેમના ઘરેથી નીકળ્યા હતા. ૨૮ ઓક્ટોબરના રોજ સવારે ૭:૧૫ વાગ્યાની આસપાસ તે ઘરે પાછો ફર્યો. ઘરે પહોંચ્યા પછી તેને ચોરીની જાણ થઈ. પોલીસને ઘટનાની જાણ કરવામાં આવી અને ફરિયાદ દાખલ કરવામાં આવી.

ચોરાયેલી સૌથી મહત્વપૂર્ણ વસ્તુ ૧૯૮૦ના મોસ્કો ઓલિમ્પિકનો ગોલ્ડ મેડલ છે. નવી દિલ્હીમાં ૧૯૮૨ના એશિયન ગેમ્સનો સિલ્વર મેડલ પણ ગુમ છે. ચોરો ૧૯૮૬ના સિઓલ એશિયન ગેમ્સનો બ્રોન્ઝ મેડલ અને એમ્સ્ટરડેમમાં ૧૯૮૨ના ચેમ્પિયન્સ ટ્રોફીનો બ્રોન્ઝ મેડલ પણ લઈ ગયા હતા.

ક્રિકેટર અજિંક્ય રહાણેની પત્ની રાધિકાએ ૨૪.૭૫ કરોડમાં મુંબઈ ખાતે બે લક્ઝરી ફ્લેટ ખરીદ્યા

મુંબઈ,

ભારતીય ક્રિકેટર અજિંક્ય રહાણેની પત્ની રાધિકાએ મુંબઈના દાદરમાં બે ફ્લેટ ખરીદ્યા છે. તેમની કુલ કિંમત ૨૪.૭૫ કરોડ છે. જોકે, આ ફ્લેટ હજુ સુધી બંધાયા નથી. રાધિકા ૨૦૨૮ ના અંત સુધીમાં તેમાં રહેવા જઈ શકે છે. બંને ફ્લેટ શિવાજી પાર્ક વિસ્તારમાં એક જ બિલ્ડિંગમાં સ્થિત છે. મિલકત નોંધણી દસ્તાવેજો અનુસાર, વ્યવહાર ૨૯ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ નોંધાયેલો હતો.

રાધિકાએ દાદર પશ્ચિમમાં કેલુસ્કર રોડ સાઉથ પર નિર્માણાધીન ઓસિયાના બિલ્ડિંગમાં આ બે ફ્લેટ ખરીદ્યા



હતા. આ બિલ્ડિંગ કોહિનૂર પ્લેનેટ કન્સ્ટ્રક્શન્સ પ્રાઇવેટ લિમિટેડ નામની કંપની દ્વારા બનાવવામાં આવી રહી છે. બંને એપાર્ટમેન્ટનો કુલ કાર્પેટ એરિયા ૩,૩૯૧.૭૫ ચોરસ ફૂટ છે. તેઓ છ કાર પાર્કિંગ પણ આપે છે. બંને ફ્લેટ ઉપરના માળે છે.એક ફ્લેટ ૧,૯૧૩.૪૧ ચોરસ ફૂટનો છે અને તેની કિંમત આશરે ૧૩.૯૭ કરોડ છે. બીજા ફ્લેટ ૧,૪૭૮.૩૪ ચોરસ ફૂટનો છે અને તેની કિંમત આશરે ૧૦.૭૯ કરોડ છે. રાધિકા રહાણેએ સમગ્ર સોદા પર આશરે ૧.૨૩ કરોડની સ્ટેમ્પ ડ્યુટી ચૂકવી હતી. મહારાષ્ટ્ર સરકાર મહિલાઓને ઘર ખરીદવા પર એક ટકા સ્ટેમ્પ ડ્યુટીમાં મુક્તિ આપે છે, જેનો ફાયદો તેણીને મળ્યો.રાધિકા રહાણે એક ઇન્ટિરિયર ડિઝાઇનર અને સોશિયલ મીડિયા વ્યક્તિત્વ છે. તે ભારતીય ક્રિકેટર અજિંક્ય રહાણેની પત્ની છે. તેઓ બાળપણના મિત્રો હતા અને પછીથી જીવનસાથી બન્યા. મુંબઈના દાદરમાં શિવાજી પાર્ક વિસ્તાર શહેરના મુખ્ય રહેણાંક વિસ્તારોમાંનો એક માનવામાં આવે છે. તેની ઉત્તમ કનેક્ટિવિટી અને સુવિધાઓને કારણે, અહીં પ્રીમિયમ પ્રોપર્ટીની માંગ રહે છે.

"સૈયારા"ની જોડી અહાન પાંડે અને અનિત અલાના પાંડેના બેબી શાવરમાં ધમાલ મચાવતા જોવા મળ્યા

મુંબઈ,

અહાન પાંડેની બહેન, અલાવા પાંડે, ફરીથી માતા બનવા જઈ રહી છે. અલાના માટે બેબી શાવરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અહાન પાંડે અને તેની "સૈયારા" ની સહ-અભિનેત્રી, અનીત પદ્દાએ હાજરી આપી હતી. પાંડે પરિવારે મુંબઈમાં આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું, જેમાં ઘણી અન્ય ફિલ્મી હસ્તીઓએ હાજરી આપી હતી. હવે, આ કાર્યક્રમનો એક મજેદાર વીડિયો સામે આવ્યો છે, જેમાં અહાન અને અનિતની જોડી ફરી એકવાર દિલ જીતી લે છે.

અહાન પાંડે અને અનિત પડા અલાના પાંડેના બેબી શાવરમાં ધમાલ મચાવતા જોવા મળ્યા હતા. આ ખાસ પ્રસંગે, પરિવાર અને નજીકના મિત્રો સાથે, કેટલાક બોલિવૂડ સ્ટાર્સ પણ આ મસ્તીમાં જોડાયા હતા, જેમાં અહાનની પિતરાઈ બહેન અનન્યા પાંડેનો પણ સમાવેશ થાય છે.

તાજેતરમાં, ઓગસ્ટમાં, અલાનાએ પતિ આઇવર મેકક્રે સાથે તેની બીજી ગર્ભાવસ્થાના ખુશખબર શેર કરી. અલાનાએ તેના વ્લોગમાં તેની બીજી ગર્ભાવસ્થા માટે યોજાયેલા બેબી શાવરની સંપૂર્ણ ઝલક શેર કરી, જેમાં ડ્રેસની તૈયારી અને અન્ય તૈયારીઓનો સમાવેશ થાય છે.

એક ... અનન્યા પાંડેએ "આંટી" શબ્દ લખેલું ટી-શર્ટ પહેર્યું હતું, અને પ્રવેશ કરતી વખતે, તે "કભી ખુશી કભી ગમ" ના કરીના



કપૂરના પીઓઓ લુક જેવી દેખાતી હતી. બાળપણની ફોટો ઓળખ રમત પૂર્ણ કરનારી અનન્યા પહેલી હતી. આગળની રમુજી રમતમાં એક વ્યક્તિ ખુરશી પર બેઠી હતી અને તેમની સામે કાર્ડબોર્ડ કટઆઉટ પકડીને બેઠી હતી, જ્યારે તેમની પાછળ બેઠેલી બીજી વ્યક્તિએ તે વ્યક્તિને પોતાના હાથે ખવડાવ્યું હતું. આ રમતમાં અહાન, અનિત અને ઈવર ભાગ લીધો હતો. આ રમુજી રમતમાં અનન્યા અનિતને મદદ કરતી જોવા મળી હતી.

અહાન પાંડે રમતમાં પહેલા સૂપ પૂરો કર્યો અને જીતી ગયો. વિડિઓમાં અહાન અને અનિતની મજાએ પાર્ટીની મજામાં વધારો કર્યો. વિડિઓ જોયા પછી લોકોએ અહાન અને અનિતની જોડી પર ટિપ્પણી કરી છે. એકે કહ્યું, "આખું ઘર છ થી ભરેલું છે. ખૂબ જ સરસ વ્લોગ. અનન્યા, અલાના, અહાન, અનિત, આલિયા, આલમ, ઐશ્વર્યા, અહીં બધા છ છે." બીજાએ કહ્યું, "અનન્યા અને અલાના અનિત માટે સૌથી સુંદર ભાભીઓ બનાવશે!" બીજાએ કહ્યું, "અનન્યા અને અનિત એક જ ટીમમાં છે, તે બંને ખૂબ જ સુંદર લાગે છે!"

નોંધનીય છે કે અહાન પાંડે અને અનિત પાંડે મોહિત સૂરીની ફિલ્મ "સૈયારા" માં સાથે દેખાયા હતા, જે મુખ્ય કલાકારો તરીકે તેમની પહેલી ફિલ્મ હતી.

બોલીવુડ અભિનેત્રી મલાઈકા અરોરાની બહેન અમૃતા અરોરાએ ૧૪ કિલો વજન ઘટાડ્યું

મુંબઈ,

બોલીવુડ અભિનેત્રી મલાઈકા અરોરાની બહેન અમૃતા અરોરા હાલમાં તેના નોંધપાત્ર વજન ઘટાડવાના પરિવર્તન માટે સમાચારમાં છે. લાંબા સમયથી ફિલ્મોથી દૂર રહેલી અમૃતાએ તાજેતરમાં સોશિયલ મીડિયા પર પોતાનો એક ફોટો શેર કર્યો છે, જેણે તેના બદલાયેલા લુકથી ચાહકોને આશ્ચર્યચકિત કર્યા છે. ૪૫ વર્ષની ઉંમરે, અભિનેત્રીએ થોડા મહિનામાં જ આશરે ૧૪ કિલો વજન ઘટાડ્યું છે. તેની ફિટનેસ જર્નીના ફોટા સામે આવ્યા પછી, સોશિયલ મીડિયા પર તેના પરિવર્તનની ચર્ચાઓ ચાલી રહી છે.

અમૃતા અરોરાએ તેની ફિટનેસ જર્ન વિશે વાત કરતા ખુલાસો કર્યો કે તેણે છેલ્લા કેટલાક મહિનામાં



૧૪ કિલો વજન ઘટાડ્યું છે. અભિનેત્રીના મતે, આ પરિવર્તન ફક્ત શારીરિક રીતે પોતાને સુધારવાનો પ્રયાસ નહોતો, પરંતુ એક વ્યક્તિગત પડકાર પણ હતો. તેણીએ આ લક્ષ્ય માટે પોતાને તૈયાર કરી અને સતત મહેનત દ્વારા, તેના દેખાવમાં નોંધપાત્ર ફેરફાર પ્રાપ્ત કર્યો. અમૃતાના નવા ફોટા સ્પષ્ટપણે તેના ચહેરા અને શરીરમાં તફાવત દર્શાવે છે. અભિનેત્રીએ સમજાવ્યું કે છેલ્લા બે થી ત્રણ વર્ષ એવો સમય હતો જ્યારે તેણી પોતાની જાતને સૌથી નીચી અનુભવી રહી હતી. આ સમય દરમિયાન, તેની ફિટનેસ અને શારીરિક સ્થિતિ પહેલા જેવી રહી ન હતી. આનાથી તેણી પોતાની જાત પર કામ કરવા અને તેની ભૂતપૂર્વ ફિટનેસ પાછી મેળવવા માટે પ્રેરિત થઈ.

શબ્દ શોધો

બ	રા	બ	ર	ઇ	વિ	ધ	ક	ગી	ફ	ગી	ઈ
તુ	ર	ઉ	મ	શિ	વ	ધ	પ્ર	કી	ર	જી	ભા
કા	કા	ગ	હિ	ળ	બ	ચી	વ	ધ	જ	તી	ન
બા	લ	ફ	મા	ર	મા	કા	ગ	ધ	ગ	ક્ષ	ર
બા	આ	ઇ	ક્ષ	ધ	બા	શિ	જ	ળ	ર	દ	ભો
આ	પ્રા	ચી	વ	વા	સ	બા	જ	ભ	ક	ણા	બ
ક	ર	ન	બં	કા	મા	કા	ઐ	મો	મ	સ	અ
પ્ર	બા	દ	બા	કી	લ	કુ	મા	સ	આ	રો	અં
ર	સા	બં	ભા	ધ	બા	બ	આ	પ્ર	મા	દ	ધ
ભો	રા	દ	અઃ	ક	બા	સ	ક્ષ	મા	દ	મ	કા
સા	ર	ગ	પ્રા	મા	ણિ	ક	મા	મા	ઓ	ઊ	સા
કા	ન	લ	ધ	ળ	ચા	ઓ	ણ	ગી	ધ	ર	ગં

શબ્દ શોધો

પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

સુપરસ્ટાર રજનીકાંતની આગામી ફિલ્મ 'ધર્મન'માં અભિનેત્રી શ્રીલીલા જોવા મળશે

મુંબઈ,

જ્યારે સુપરસ્ટાર રજનીકાંત હાલમાં 'જેલર ૨' ની સફળતાનો આનંદ માણી રહ્યા છે, ત્યારે તેમની આગામી ફિલ્મ 'ધર્મન' વિશે પણ ચર્ચાઓ ચાલી રહી છે. નવીનતમ સમાચાર એ છે કે શ્રીલીલા આ ફિલ્મમાં જોડાઈ રહી છે. શ્રીલીલા હાલમાં ૨૫ વર્ષની છે અને સુપરસ્ટાર રજનીકાંત કરતા લગભગ ૫૦ વર્ષ નાની છે. પહેલી વાર આટલા પ્રખ્યાત વ્યક્તિત્વ સાથે સ્ક્રીન શેર કરવી એ ચોક્કસપણે સરળ કાર્ય નથી.

કમલ હાસનના પ્રોડક્શન હાઉસ, રાજ કમલ ફિલ્મ્સ ઇન્ટરનેશનલે સોશિયલ મીડિયા પર ફિલ્મ વિશે એક પોસ્ટ શેર કરી. પોસ્ટમાં જાહેરાત કરવામાં આવી હતી કે શ્રીલીલા હવે રજનીકાંતની ફિલ્મમાં જોડાઈ ગઈ છે. નિર્માતાઓએ સોશિયલ મીડિયા પર અભિનેત્રીનો એક વીડિયો શેર કર્યો, જેમાં તેણીનું સ્વાગત કર્યું. પોસ્ટમાં અભિનેત્રીની પ્રશંસા અને સ્વાગત કરવામાં આવ્યું, જેમાં લખ્યું કે તેણીમાં એક અનોખો તેજ છે અને તે ફટાકડાથી ઓછી નથી.

અશ્વથ મારીમુથુ રજનીકાંતની ફિલ્મ 'ધર્મન'નું દિગ્દર્શન કરી રહ્યા છે. તેમણે અગાઉ 'ઓહ માય કડવાવુલે' અને 'ડ્રેગન' જેવી ફિલ્મોનું દિગ્દર્શન કર્યું છે. રજનીકાંત ઉપરાંત, સિમરન,



નયનતારા, યોગી બાબુ અને રાશિ ખન્ના પણ ફિલ્મમાં મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં જોવા મળશે.

ફિલ્મના પોસ્ટરે પહેલાથી જ દર્શકોમાં ઉત્સાહ જગાવી દીધો છે. રજનીકાંત ફિલ્મમાં ડોક્ટર તરીકે જોવા મળશે. એવું પણ જાણવા મળ્યું છે કે તેમનો રોલ નેગેટિવ છે. પોસ્ટરમાં પણ આની ઝલક જોવા મળે છે, અને તેમના હાથ પર લોહી દેખાય છે, જે સૂચવે છે કે ફિલ્મમાં તેમનો રોલ કંઈક અલગ અને નકારાત્મક હોઈ શકે છે.

શ્રીલીલા હાલમાં તમિલ ફિલ્મ ઉદ્યોગમાં પણ પોતાની ઓળખ બનાવી રહી છે. તેણીએ આ વર્ષે "પરાશક્તિ" ફિલ્મથી તમિલ ડેબ્યૂ કર્યું હતું, જેમાં શિવકાર્તિકેયન, રવિ મોહન અને અથર્વ સાથે અભિનય કર્યો હતો. તેણી પાસે ઘણા મોટા પ્રોજેક્ટ્સ પણ છે. તે ધનુષ અને મામૂટીની ફિલ્મ "ઓમ" પર પણ કામ કરી રહી છે, જ્યાં તે ધનુષની પત્ની રોજાની ભૂમિકા ભજવશે. આ ઉપરાંત, શ્રીલીલા અજિત કુમારની ફિલ્મ "ડેરડેવિલ" માં પણ જોવા મળશે.

રજનીકાંતની ફિલ્મ "ધર્મન" ની રિલીઝ તારીખ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી નથી. શ્રીલીલા કેવા પ્રકારનું પાત્ર ભજવશે તે પણ હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી. જોકે, અહેવાલો અનુસાર, નિર્માતાઓ એપ્રિલ ૨૦૨૭માં તેને સિનેમાઘરોમાં રિલીઝ કરવાની તૈયારી કરી રહ્યા છે.યાદ કરો કે ભારતની ટોચની ફિલ્મોમાંની એક, "પુષ્પા ૨: ધ રૂલ" માં શ્રીલીલા તેના ખાસ ડાન્સ નંબર "કિસિક" માટે સૌથી વધુ ચર્ચામાં રહી છે. શ્રીલીલા કાર્તિક આર્યન સાથે એક રોમેન્ટિક મ્યુઝિકલ ફિલ્મમાં પણ જોવા મળશે, જે આવતા વર્ષે એપ્રિલમાં રિલીઝ થવાની છે.

ભાવનગર રેલવેનો ટિકિટ ચેકિંગમાં નવો ઇતિહાસ: બે જ દિવસમાં રૂ. ૨૩.૬૮ લાખની રેકોર્ડબ્રેક આવક

રૂ. ૧૨.૦૭ લાખની એક દિવસની સર્વોચ્ચ કમાણી કરી મે ૨૦૨૨ નો રૂ. ૯.૫૦ લાખનો જૂનો રેકોર્ડ તોડયોઃ ૨,૩૨૩ યાત્રીઓ સામે કાર્યવાહી

ભાવનગર,તા.૬

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળે ટિકિટ ચેકિંગ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી દાખવીને માત્ર બે દિવસના સમયગાળામાં આવકના નવા કીર્તિમાન સ્થાપિત કર્યા છે. વાણિજ્ય વિભાગ દ્વારા ચલાવવામાં આવેલા સઘન ટિકિટ ચેકિંગ અભિયાન દરમિયાન મંડળે ૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ એક જ દિવસમાં રૂ. ૧૧.૬૧ લાખની આવક મેળવી હતી. ત્યારબાદ પોતાની કામગીરીમાં વધુ સુધારો લાવતા ૪ નવેમ્બર, ૨૦૨૬ના રોજ પોતાના જ રેકોર્ડને માત આપીને રૂ. ૧૨.૦૭ લાખની અત્યાર સુધીની સૌથી વધુ એક દિવસની ટિકિટ ચેકિંગ આવક પ્રાપ્ત કરી છે. આ બંને દિવસો દરમિયાન કુલ ૨,૩૨૩ કેસમાં યોગ્ય ટિકિટ વિના કે અનિયમિત રીતે મુસાફરી કરતા મુસાફરો સામે કાર્યવાહી કરી કુલ રૂ. ૨૩.૬૮ લાખનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

૪ નવેમ્બરના રોજ મળેલી રૂ. ૧૨.૦૭ લાખની આવક ભાવનગર મંડળના ઇતિહાસમાં ટિકિટ ચેકિંગ દ્વારા પ્રાપ્ત થયેલી સર્વોચ્ચ આવક છે. આ સિદ્ધિ સાથે મંડળે મે ૨૦૨૨ માં નોંધાવેલા રૂ. ૯.૫૦ લાખના પોતાના જૂના રેકોર્ડને પણ પાછળ છોડી દીધો છે.

આ નોંધપાત્ર સફળતા પશ્ચિમ રેલવેના પ્રમુખ મુખ્ય વાણિજ્ય પ્રબંધક તરુણ જૈનના માર્ગદર્શન હેઠળ તથા ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠી અને સહાયક વાણિજ્ય પ્રબંધક વિશાલ પચૌરીની સીધી દેખરેખમાં ટિકિટ ચેકિંગ સ્ટાફના સમર્પિત પ્રયાસોથી શક્ય બની છે. રેલવે તંત્રના જણાવ્યા અનુસાર આ ઝુંબેશનો મુખ્ય હેતુ માત્ર આવક વધારવાનો જ નહીં પરંતુ મુસાફરો નિયમ મુજબ માન્ય ટિકિટ લઈને જ મુસાફરી કરે તેવો સુધારાત્મક અભિગમ કેળવવાનો છે. ભાવનગર મંડળના મંડળ રેલવે પ્રબંધક દિનેશ વર્માએ આ ઐતિહાસિક સિદ્ધિ બદલ વાણિજ્ય વિભાગના અધિકારીઓ તેમજ કર્મચારીઓના સામૂહિક પરિશ્રમ, સંકલન અને કર્તવ્યનિષ્ઠાની પ્રશંસા કરી અભિનંદન પાઠવ્યા હતા. આ સાથે જ ભાવનગર મંડળે તમામ મુસાફરોને જવાબદાર નાગરિક બની હંમેશાં યોગ્ય ટિકિટ સાથે જ મુસાફરી કરવા અને સુવ્યવસ્થિત રેલ સેવાઓ જાળવવામાં સહયોગ આપવા ખાસ અપીલ કરી છે.

દિવાળી તહેવારોમાં PVC કાર્બાઈડ ગન્સના ખરીદ-વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામું: ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા હેઠળ કડક કાર્યવાહી કરાશે

ભાવનગર,તા.૬

ભાવનગર જિલ્લામાં દિવાળીના તહેવારો દરમિયાન શાંતિ, સુરક્ષા તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવાના હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.ડી. ગોવાણી દ્વારા એક મહત્વપૂર્ણ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ હુકમ અનુસાર સમગ્ર ભાવનગર જિલ્લાના હદ વિસ્તારમાં તા. ૦૪/૧૧/૨૦૨૬ થી તા. ૨૪/૧૧/૨૦૨૬ (દેવ દિવાળી) સુધી પીવીસી કાર્બાઈડ ગન્સના ખરીદ, વેચાણ, સંગ્રહ તેમજ તેના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

જાહેરનામાના સુચારુ અમલીકરણ અને તેનો ભંગ કરનારાઓ સામે કાયદેસરની ફોજદારી કાર્યવાહી હાથ ધરવા માટે હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીઓને અધિકૃત કરવામાં આવ્યા છે.

આ જાહેરનામાના નિયમોનો અનાદર કે ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ કડક શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે. તહેવારો દરમિયાન નાગરિકોની સલામતી જળવાઈ રહે તે માટે તંત્ર દ્વારા આ નિર્ણય લેવાયો છે.

શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજી મહારાજની દ્વારકા ખાતે પધરામણી

લાભ પાંચમ સુધી આપશે દર્શન-આશીર્વાદ, શારદાપીઠ ખાતે શંકરાચાર્ય મઠમાં ભાવિકો માટે સવાર-સાંજ દર્શનનો સમય જાહેર

ભાવનગર,તા.૬

પશ્ચિમામ્નાય અનંતશ્રી વિભૂષિત દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદ્ગુરુ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજી મહારાજનું દ્વારકા સ્થિત શારદાપીઠ, શંકરાચાર્ય મઠ ખાતે મંગલ આગમન થયું છે. પૂ.મહારાજ તા. ૦૪-૧૧-૨૦૨૬ થી લઈને તા. ૧૪-૧૧-૨૦૨૬ (લાભ પાંચમ) સુધી દ્વારકા મઠ ખાતે બિરાજમાન રહેશે.

પૂ.શંકરાચાર્ય મહારાજના આશીર્વાદ તેમજ દર્શન પ્રાપ્ત કરવા માટે શારદાપીઠ દ્વારા તમામ સનાતન ધર્મપ્રેમીઓને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

મઠ ખાતે દર્શનાર્થીઓ માટે પૂજ્ય મહારાજશ્રીના દર્શનનો સમય નક્કી કરવામાં આવ્યો છે, જે મુજબ સવારે ૧૦ થી ૧૨ વાગ્યા સુધી અને સાંજે ૦૬ થી ૦૮ વાગ્યા સુધી ભાવિક ભક્તો દર્શન તથા આશીર્વાદ પ્રાપ્ત કરી શકશે. આ અંગેની માહિતી શારદાપીઠ દ્વારકાના બ્રહ્મચારી નારાયણાનંદજી દ્વારા નિવેદન પાઠવીને જાહેર કરવામાં આવી છે.

'લોકશાહી બચાવો, અરાજકતા હટાવો'નો નારો પુડુચેરીમાં બુલંદ કરતા મંત્રી નિમુબેન

લોકશાહીના જતન અને અરાજકતા વિરુદ્ધ અતૂટ એકતાનો સંદેશઃ સ્થાનિક ટોચની નેતાગીરી સાથે મંત્રી બાંભણીયા સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિ

ભાવનગર,તા.૬

પુડુચેરી ખાતે 'લોકશાહી બચાવો, અરાજકતા હટાવો' અભિયાન અંતર્ગત એક ભવ્ય અને ઐતિહાસિક પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં સહભાગી થઈને લોકશાહીના જતન તેમજ અરાજકતા વિરુદ્ધ અતૂટ એકતાનો સંદેશ આપવામાં આવ્યો હતો. ભાવનગરના સાંસદ અને કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાએ આ રેલીમાં જોડાઈ 'લોકશાહી બચાવો, અરાજકતા હટાવો' નો નારો બુલંદ કર્યો હતો

ભારતની લોકશાહી એ આપણા બંધારણનો આત્મા છે. કોઈપણ પ્રકારની ટોળાશાહી, હિંસા કે અરાજકતા દ્વારા બંધારણીય સંસ્થાઓને નબળી પાડવાના પ્રયાસોને જનતા ક્યારેય સ્વીકારશે નહી. આ જનજાગૃતિ અભિયાન દ્વારા જન-જન સુધી શાંતિ, કાયદાનું શાસન અને સાચી લોકશાહીની ભાવના પહોંચાડવાનો દ્રઢ નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો છે. રાષ્ટ્રની એકતા, અખંડિતતા, શાંતિ અને લોકશાહી મૂલ્યો સાથે ચેડાં કરનારી કે દેશમાં નફરત ફેલાવવા માંગતી વિઘટનકારી તાકાતોને તેમના





ઈરાદાઓમાં ક્યારેય સફળ થવા દેવામાં આવશે નહી.

આ યાત્રામાં પુડુચેરીના ગૃહમંત્રી એ. નમસ્સિવમજી, રાજ્યસભા સાંસદ અને પૂર્વ પ્રદેશ પ્રમુખ એસ. સેલ્વાગણપતિજી, પ્રદેશ પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય વી.પી. રામલિંગમજી, વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ એમ્બલમ આર. સેલ્વમજી, પૂર્વ ધારાસભ્ય ટી.કે.એસ.એમ. મીનાક્ષીસુંદરમજી અને કલ્યાણ સુંદરમજી સહિત અનેક વરિષ્ઠ નેતાઓ, પદાધિકારીઓ તથા મોટી સંખ્યામાં સમર્પિત કાર્યકર્તાઓ અને નાગરિકોની ઉત્સાહપૂર્ણ ઉપસ્થિતિ રહી હતી. કાર્યકર્તાઓનો આ અદમ્ય ઉત્સાહ જ આપણી લોકશાહીની સાચી તાકાત છે, અને "લોકશાહીનું રક્ષણ, અરાજકતાનો અંત"નો સંકલ્પ સર્વત્ર ગુંજ્યો હતો.

જીટીયુના આંતર-ઝોનલ યુવક મહોત્સવમાં શાંતિલાલ શાહ ઇજનેરી કોલેજે ડંકો વગાડયો

૧૧૧ પોઈન્ટ સાથે ચેમ્પિયનશિપ પર કબજો, ૨૮ સ્પર્ધામાં ભાગ લઈ ૨૨માં સ્થાન મેળવ્યું



ભાવનગર,તા.૬

જીટીયુ દ્વારા ૨ થી ૪ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન જીટીયુ કેમ્પસ ચાંદખેડા ખાતે ૧૪મા આંતર-ઝોનલ યુવક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૯ સ્પર્ધાઓ માટે ૭૨ કોલેજોના ૧૦૦૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ ૧૪મા આંતર-ઝોનલ યુવક મહોત્સવમાં શાંતિલાલ શાહ એન્જિનિયરિંગ કોલેજ, ભાવનગરે ૧૧૧ પોઈન્ટ સાથે પ્રથમ સ્થાન મેળવીને ચેમ્પિયનશિપ પોતાના નામે કરી છે. જ્યારે એલ. ડી. એન્જિનિયરિંગ કોલેજ ૮૪ પોઈન્ટ સાથે રનર્સ-અપ રહી છે. શાંતિલાલ શાહ એન્જિનિયરિંગ કોલેજે રંગોળી, કોલાજ, મિમિક્રી, તબલાવાદન, વેસ્ટર્ન વોકલ સોલો, લોકનૃત્ય, લોકવૃંદ, અંગ્રેજી વાળ-વિવાદ, હિન્દી વાળ-વિવાદ, ક્વિઝ, વેસ્ટર્ન ગ્રુપ સોન્ગમાં પ્રથમ નંબર મેળવ્યો હતો. આ ઉપરાંત નાટક, મૂક અભિનય, કાર્ટુનીંગ, હિન્દી વક્તુત્વ, અંગ્રેજી વક્તુત્વમાં દ્વિતીય ક્રમ મેળવ્યો હતો. જ્યારે ક્રિએટિવ કોરિયોગ્રાફી,. હાર્મોનિયમ વાદન , સુગમ ગીત, દુહા-છંદ, ઓન ધ સ્પોટ પેઇન્ટિંગ , પોસ્ટર મેકિંગમાં તૃતીય નંબર મેળવ્યો હતો.

શાંતિલાલ શાહ એન્જિનિયરિંગ કોલેજે ૨૮ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો અને ૨૨ સ્પર્ધાઓમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે.આ સ્પર્ધામાં ચિરાગ મેર અને ચિંતન જોશી સાથે પ્રો. ધ્વનિ વૈષ્ણવ, પ્રો. તેજસ મણિયાર, પ્રો. અરવિંદ મેણિયા અને પ્રો. અલ્પેશ પંડ્યા ટીમ મેનેજર રહ્યા હતા.આ ભવ્ય વિજય બદલ પ્રિન્સિપાલ ડૉ. વડોદરિયાએ વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યોના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

મહુવાના બીલડી ગામે ત્રણ ભાઈઓ પર ચાર શખ્સોનો હિચકારો હુમલો

તલવાર, છરી અને લાકડી સાથે હુમલો કરી માર મારનાર ચાર આરોપીઓ સામે મહુવા ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ

ભાવનગર,તા.૬

મહુવા તાલુકાના બીલડી ગામે ગત તા. ૦૧/૧૧/૨૦૨૬ ના રોજ સાંજના સાડા સાતેક વાગ્યાના સુમારે થયેલી બઘડાટી અને મારામારીના બનાવ અંગે મહુવા ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. આ અંગે ભારતીબેન ભરતભાઈ ધુંધળવા દ્વારા પોલીસ સ્ટેશનમાં રૂબરૂ હાજર રહી ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, બનાવના દિવસે ફરિયાદીના કુટુંબી ભાઈ સાગરભાઈ ગામમાં છાશ લેવા ગયા હતા તે દરમિયાન આરોપી યોગેશભાઈ મગનભાઈ બારૈયાએ તેમની સાથે બોલાચાલી કરી ગાળો આપી ધોલધપાટ કરી હતી. આ બાબતે સાગરભાઈએ ફોન કરીને પરિવારજનોને જાણ કરતા ફરિયાદીના ભાઈઓ વિજયભાઈ, આકાશભાઈ તથા શંકરભાઈ જોરૂભાઈ ત્યાં બચાવવા માટે ગયા હતા.

ત્યારે ઉશ્કેરાઈ ગયેલા આરોપીઓ—યોગેશભાઈ મગનભાઈ બારૈયા (હાથમાં તલવાર સાથે), નરેશભાઈ મગનભાઈ બારૈયા (હાથમાં છરી સાથે), મગનભાઈ ઉકાભાઈ બારૈયા તથા લીલીબેન મગનભાઈ બારૈયાએ ભેગા મળી ત્રણેય ભાઈઓ પર હુમલો કર્યો હતો. આરોપીઓએ સાગરભાઈ તથા અન્ય યુવાનોને ઢીકાપાટુનો મૂઢમાર માર્યો હતો, તેમજ શંકરભાઈને પગના ભાગે લાકડી વતી ઈજા પહોંચાડી હતી. આ ઉપરાંત, આ હુમલાખોરોએ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીના હથિયારબંધી જાહેરનામાનો પણ ભંગ કર્યો હતો.

આ બનાવ અંગે પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ બી.એન.એસ. કલમ ૧૧૫(૨), ૩૫૨, ૫૪ તથા જી.પી. એક્ટની કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી, વધુ તપાસ મહિલા એ.એસ.આઈ. પ્રિયા રણસિંગભાઈ ચૌધરીને સોંપવામાં આવી છે.

ન્યુઝ ફ્લેશ

દિવાળીમાં સિંહોની પજવણી રોકવા ચાર જિલ્લામાં વનતંત્રનું રેડ એલર્ટઃ ગીર સોમનાથ, જૂનાગઢ, અમરેલી અને ભાવનગરમાં ૭ થી ૧૫ નવેમ્બર સુધી વિશેષ સુરક્ષા અભિયાન ચાલશે

તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં ,મહુવા

રજી નં.૨૯૦/૨૦૨૬

અપીલકર્તાના વિ.વકિલશ્રી કે.યુ.ભારથી
અરજદારશ્રી :- શ્રી મગનભાઈ શેફાભાઈ બાંભણીયા
મું.રાતોલ તા.મહુવા જી.ભાવનગર

-: વિરુધ્ધ :-

સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,
મું. રાતોલ તા.મહુવા જિ.ભાવનગર

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના રાતોલ ગામના રહીશ ઉકત અરજદારશ્રીએ તેમના પુત્રી ગીતાબેન મગનભાઈ બાંભણીયા નો જન્મ તા.૨૦-૧૨-૧૯૮૪ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૨/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો — તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ મહુવા

તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં ,મહુવા

રજી નં.૨૯૧/૨૦૨૬

અપીલકર્તાના વિ.વકિલશ્રી કે.યુ.ભારથી
અરજદારશ્રી :- શ્રી રાઘાબેન ચોથાભાઈ મેર
મું.ઓથા તા.મહુવા જી.ભાવનગર

-: વિરુધ્ધ :-

સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,
મું. ઓથા તા.મહુવા જિ.ભાવનગર

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના ઓથા ગામના રહીશ ઉકત અરજદારશ્રીએ તેમના પતિ ચોથાભાઈ બીજલભાઈ મેર નો મરણ તા.૧૮-૦૭-૨૦૨૨ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૨/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો — તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ મહુવા

તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં ,મહુવા

રજી નં.૮૧/૨૦૨૬

અપીલકર્તાના વિ.વકીલશ્રી એ.એમ.પરમાર
અરજદારશ્રી :- શ્રી એભાભાઈ ગોવિંદભાઈ શિયાળ
મું. બોરડી તા.મહુવા જી. ભાવનગર

-: વિરુધ્ધ :-

સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,
મું. બોરડી તા.મહુવા જિ.ભાવનગર

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના બોરડી ગામના રહીશ ઉકત અરજદારશ્રીએ તેમના પુત્ર જયપાલ એભાભાઈ શિયાળ નો જન્મ તા.૩૦-૦૧-૨૦૦૭ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૭/૧૦/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો — તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ મહુવા

તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં ,મહુવા

રજી નં.૨૮૭/૨૦૨૬

અપીલકર્તાના વિ.વકિલશ્રી કે.યુ.ભારથી
અરજદારશ્રી :- શ્રી રામુબેન બાલુભાઈ નાકરાણી
મું.કુંભારીયા તા.મહુવા જી.ભાવનગર

-: વિરુધ્ધ :-

સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,
મું. કુંભારીયા તા.મહુવા જિ.ભાવનગર

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના કુંભારીયા ગામના રહીશ ઉકત અરજદારશ્રીએ તેમના પુત્ર નાકરાણી અશોકકુમાર બાલુભાઈ નો જન્મ તા.૨૮-૧૦-૧૯૮૪ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૨/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો — તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ મહુવા

તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં ,મહુવા

રજી નં.૨૮૮/૨૦૨૬

અપીલકર્તાના વિ.વકિલશ્રી કે.યુ.ભારથી
અરજદારશ્રી :- શ્રી ભુપતભાઈ ભાણાભાઈ સોલંકી
મું.રતનપર તા.મહુવા જી.ભાવનગર

-: વિરુધ્ધ :-

સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,
મું. રતનપર તા.મહુવા જિ.ભાવનગર

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના રતનપર ગામના રહીશ ઉકત અરજદારશ્રીએ તેમના પુત્રી સોલંકી ગુલાબબેન ભુપતભાઈ નો જન્મ તા.૦૭-૦૬-૨૦૧૪ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૨/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો — તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ મહુવા

તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં ,મહુવા

રજી નં.૨૮૯/૨૦૨૬

અપીલકર્તાના વિ.વકિલશ્રી કે.યુ.ભારથી
અરજદારશ્રી :- શ્રી ઓઘડભાઈ ઓથાભાઈ સરવૈયા
મું.રાણીવાડા તા.મહુવા જી.ભાવનગર

-: વિરુધ્ધ :-

સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,
મું. રાણીવાડા તા.મહુવા જિ.ભાવનગર

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના રાણીવાડા ગામના રહીશ ઉકત અરજદારશ્રીએ તેમના પુત્ર પ્રતાપભાઈ ઓઘડભાઈ સરવૈયા નો જન્મ તા.૫-૧૦-૨૦૦૧ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૨/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો — તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ મહુવા

મહાલક્ષ્મી માતાજીની વિશેષ પૂજા સાથે આજે ધનતેરસના પર્વની ઉજવણી

લોકોએ જમીન, મકાન, વાહન, સોના-ચાંદીની ખરીદી કરીઃ દિવાળી મહાપર્વની શૃંખલામાં આવતીકાલે કાળીચૌદશની કરાશે ઉજવણી











તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૬

રંગ-રોશની અને ખુશીઓના તહેવાર દિપોત્સવીની પર્વમાળા અંતગર્ત આજે શુકવારે ધનતેરસના મહિમાવંતા મહાપર્વે મહાલક્ષ્મી માતાજીની વિશેષ મહાપૂજા સાથે શ્રધ્ધાળુઓ દ્વારા આરોગ્યની સુખાકારી માટે આયુર્વેદના અધિષ્ઠાતા ભગવાન ધન્વંતરીનું પણ વિશેષ ષોડશોપચાર પૂજન અર્ચન ભાવિકો દ્વારા કરવામાં આવ્યું હતું શહેરના પૌરાણિક એવા વોરબજાર સ્થિત મહાલક્ષ્મી માતાજીના મંદિરે સવારથી દર્શન કરવા ભાવિકોની ભીડ ઉમટી હતી.

મહાલક્ષ્મી માતાજીના પૂજન અર્ચન સાથે ધનતેરસના દિવસે નવી ખરીદી કરવાનું પણ શુભ માનવામાં આવે છે. આજના ધનતેરસના મહાપર્વે સોના ચાંદી, વાહન મકાન, પ્લોટના ખરીદ,વેચાણ પણ વધ્યું હતું લોકોએ આજે બાઈક, કાર સહીત પોતાની જરૂરિયાત મુજબના નવા વાહનોની ખરીદી કરી હતી. તેમજ દિવસભર સોના-ચાંદીની ખરીદીમાં પણ જ્વેલર્સોને ત્યાં ગીર્દી જોવા મળી હતી અને લોકોએ શુકનવંતી ખરીદી કરી હતી. અને બજારમાં ધનની વર્ષા થઇ હતી.

આ ઉપરાંત લોકોએ બજારમાં રંગોળી અને તોરણના પોંખણા સહિતની પણ ખરીદી કરી હતી.ધનતેરસે લક્ષ્મીપ્રાપ્તિનો શ્રેષ્ઠ યોગ હોય ભાવિકો, ગૃહિણીઓ દ્વારા પરિવારજનોની ઉપસ્થિતીમાં સોના, ચાંદી, રોકડ રકમ અથવા શ્રી યંત્રનું પણ પૂજન કર્યું હતું. વણજોયુ શુભમુર્હૂત હોય ધનતેરસે દુકાનનું ઉદઘાટન, નવપ્રસ્થાન, મકાનનું વાસ્તુ, ખાતમુર્હૂત, સોના, ચાંદી, સ્થાવર જંગમ મિલ્કત, પ્લોટની લે વેચ, લગ્નસરાની ખરીદી, કંકુપગલા અને નવચંડી પાઠ સહિતના માંગલિક કાર્યોનો ધમધમાટ જોવા મળ્યો હતો આ સાથે ધન્વંતરી ભગવાનના પ્રાગટય દિન, ત્રયોદશી જયંતિ મહોત્સવ અંતગર્ત આયુર્વેદાચાર્યો દ્વારા ષોડશોપચાર પૂજન, અર્ચન, અભિષેક, મહાપૂજા,મહાઆરતી તેમજ વિષ્ણુ મહાયજ્ઞા સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

દીપોત્સવી સમૂહ પર્વમાં આવતીકાલે કાળી ચૌદસની ઉજવણી કરવામાં આવશે. બહેનો ઘરે વડા બનાવી ચોકમાં મુકવા જશે અને ઘરમાંથી કકળાટ કાઢશે. આ ઉપરાંત ક્રેસન્ટ ખાતે આવેલ દેરાસરમાં ઘંટાકર્ણ વીરનો યજ્ઞ પણ કરવામાં આવશે. અને રવિવારે દીપોત્સવી પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે.

પત્ની-બાળકોના હત્યા કેસમાં આરોપી ACF શૈલેષ ખાંભલાએ જામીન અરજી કરતા રબારી સમાજનો વિરોધ



તસવીર : ધવલ વાજા

ભાવનગરના અત્યંત ચકચારી કેસમાં પત્ની અને માસૂમ બાળકોના હત્યા પ્રકરણમાં આરોપી એવા એસીએફ શૈલેષ ખાંભલા દ્વારા પોતાની જેલ મુક્તિ માટે કોર્ટમાં જામીન અરજી દાખલ કરવામાં આવી છે. આ જામીન અરજીના હિયરિંગ માટે આરોપીને પોલીસ બંદોબસ્ત સાથે ભાવનગર કોર્ટમાં લાવવામાં આવ્યો હતો. જેના ભાગરૂપે આ ઘૃણાસ્પદ કૃત્ય કરનાર આરોપી શૈલેષ ખાંભલાને કડકમાં કડક સજા થાય અને તેને જામીન ન મળે તેવી પ્રબળ માંગ સાથે રબારી સમાજના આગેવાનો તથા લોકો મોટી સંખ્યામાં કોર્ટ પરિસરમાં એકઠા થયા હતા. આ કેસની સુનાવણી શરૂ થઈ ચૂકી છે, ત્યારે હવે આગામી દિવસોમાં મહત્વના પુરાવાઓ અને નિવેદનોના આધારે બંને પક્ષના વકીલો વચ્ચે સઘન દલીલોનો દોર શરૂ થશે ત્યારબાદ કોર્ટ દ્વારા નિર્ણય થશે તેમ જાણવા મળ્યું છે.

ઓમ સેવા ધામ વૃધ્ધાશ્રમના દરેક વડીલોને દિવાળી નિમિત્તે કીટ વિતરણ

ભાવનગર,તા.૬

"ઓમ સેવા ધામ" વૃધ્ધાશ્રમ છેલ્લા ૧૨ વર્ષોથી નિરાધાર વડીલ વૃધ્ધોને દત્તક લઈ તેમનો આજીવન આશરો બની રહ્યું છે. સવારે નાસ્તો, બે ટંક જમવાનું, રહેવાનું દરેક પ્રેમ, આદર, સન્માન, સંભાળ અહીં વડીલોને મળે છે. દર વર્ષે વૃધ્ધાશ્રમના દરેક વડીલોને તેમની જરૂરીયાતની વસ્તુની કીટ રૂા. ૬૦૦૦ આસપાસની દિવાળી ભેટ તરીકે આપવામાં આવે છે. આ કાર્ય ભાવનગરના ઉદાર દાતાઓની મદદથી થઈ રહ્યું છે.

સંસ્થા હજુ વધુ મોટી સંખ્યામાં નિરાધાર વડીલોને આશરો આપવા માંગે છે. આ માટે ભાવનગરની નજીક ખુલ્લી જગ્યામાં પ્લોટ લઈ વિશાળ વૃધ્ધાશ્રમ બનાવવાનું આયોજન કરી રહી છે. તેમજ નબળી આર્થિક સ્થિતિના ઘરે રહેતા વડીલો માટે "ટીફીન યોજના" પણ થોડા જ સમયમાં શરૂ કરવાનું આયોજન છે તેમ સંસ્થાના સંચાલક વિજયભાઈએ જણાવ્યુ હતું.



જાહેર નોટીસ

અરજદારના વકીલશ્રી કે. એ. લાઠીયા

ભાવનગરના મહે. નવમાં એડીશ્નલ ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં

પર. ફોજ. અરજી નં. ૨૭૨૮/૨૦૨૬

મુદત તારીખઃ ૨૧-૧૨-૨૦૨૬

કાંતિભાઇ લક્ષ્મણભાઇ સરવૈયા,
ઉ.વ.૬૪, ધંધોઃ મજુરી, ધર્મે- હીન્દુ
રહે. માઢીયા રોડ, કુંભારવાડા, તા.જી.ભાવનગર .....અરજદાર

વિરૂધ્ધ

સબ રજીસ્ટ્રારશ્રી- તલાટી કમ મંત્રીશ્રી,
જન્મ મરણ નોંધણી વિભાગ, ફરીયાદકા ગ્રામ પંચાયત .....સામાવાળા

બાબતઃ જન્મ મરણ રજી. એકટ તળે અવસાન નોંધણી અંગે અરજી

આથી જાહેર જનતા જોગ આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારના પિતા લક્ષ્મણભાઇ પાંચાભાઇ સરવૈયાનુ મરણ- અવસાન તા.૨૪-૦૨-૨૦૨૨ ના રોજ ગામઃ ફરીયાદકા, તા.જી. ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે જે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી કરેલ છે.

આ અરજી સામે કોઇ ઇસમ, વ્યકિત, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોઇ તેમણે આધાર- પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુ.તા. ૨૧-૧૨-૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે હાજર રહેવુ. તેમ કરવામાં કસુર થયેથી ધારાસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

આજરોજ તા.૦૫ માહે નવેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યુ.

તૈયાર કરનાર
સહી : (ડી. એમ. રાજગુરૂ)
આસીસ્ટન્ટ
નવમાં એડી ચીફ જયુડી મેજી કોર્ટ, ભાવનગર

મુકાબલ કરનાર
સહી : (ડી. એમ. રાજગુરૂ)
બેંચ ક્લાર્ક
નવમાં એડી ચીફ જયુડી મેજી કોર્ટ, ભાવનગર

કોર્ટ નો સિક્કો

હુકમથી
સહી : (એસ. જે. બારૈયા)
રજીસ્ટ્રાર
ચીફ જયુડી મેજી કોર્ટ, ભાવનગર

TRIBHOVAN

જાહેર નોટીસ **અરજ.વ.શ્રી.યુ.બી. ગોહિલ.**

ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં

પર. ફોજદારી અરજી નબર : ૧૩૨/૨૦૨૬

જીકુબેન તુલશીભાઈ બારૈયા .....અરજદાર

-: વિરુધ્ધ :-

જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
મોટા ખોખરા ગ્રામ પંચાયત કચેરી.....સામાવાળા

બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે જન્મની નોંધ કરાવવા

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના પુત્રી નામ જલ્પાબેન તુલશીભાઈ બારૈયા નો જન્મ તા.૨૩/૦૫/૨૦૦૯ના રોજ મોટા ખોખરા મુકામે થયેલ છે, તેમના જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી જન્મ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૦૪/૧૨/૨૦૨૬ ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૨૮/૧૦/૨૦૨૬

તૈયાર કરનાર (જી.ઝેડ.ગોહિલ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા
મુકામલ કરનાર (એચ.જે.સોંડાગર) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા
કોર્ટનો સિક્કો
હુકમથી (એફ.એચ.ચૌહાણ) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા

જાહેર નોટીસ **અરજ.વ.શ્રી.યુ.બી. ગોહિલ.**

ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં

પર. ફોજદારી અરજી નબર : ૧૨૭/૨૦૨૬

સવિતાબેન દેવસીભાઈ જાંબુચા .....અરજદાર

-: વિરુધ્ધ :-

જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
કંટાળા ગ્રામ પંચાયત કચેરી, તા-ઘોઘા.....સામાવાળા

બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે જન્મની નોંધ કરાવવા

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના ભત્રીજા નામ મંજુબેન નાગજીભાઈ જાંબુચા નો જન્મ તા.૧૨/૦૯/૧૯૭૨ના રોજ કંટાળા મુકામે થયેલ છે, તેમના જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી જન્મ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૦૪/૧૨/૨૦૨૬ ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૨૬/૧૦/૨૦૨૬

તૈયાર કરનાર (જી.ઝેડ.ગોહિલ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા
મુકામલ કરનાર (એચ.જે.સોંડાગર) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા
કોર્ટનો સિક્કો
હુકમથી (એફ.એચ.ચૌહાણ) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા

જાહેર નોટીસ **અરજ.વ.શ્રી.યુ.બી. ગોહિલ.**

ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં

પર. ફોજદારી અરજી નબર : ૧૪૧/૨૦૨૬

બારૈયા ભુપતભાઈ લાધાભાઈ .....અરજદાર

-: વિરુધ્ધ :-

જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
મોરચંદ ગ્રામ પંચાયત કચેરી.....સામાવાળા

બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે જન્મની નોંધ કરાવવા

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના પુત્રી નામ નિકિતાબેન ભુપતભાઈ બારૈયા નો જન્મ તા.૨૦/૦૨/૨૦૧૨ના રોજ મોરચંદ મુકામે થયેલ છે, તેમના જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી જન્મ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૦૫/૧૨/૨૦૨૬ ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૨૯/૧૦/૨૦૨૬

તૈયાર કરનાર (જી.ઝેડ.ગોહિલ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા
મુકામલ કરનાર (એચ.જે.સોંડાગર) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા
કોર્ટનો સિક્કો
હુકમથી (એફ.એચ.ચૌહાણ) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા

જાહેર નોટીસ **અરજ.વ.શ્રી.યુ.બી. ગોહિલ.**

ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં

પર. ફોજદારી અરજી નબર : ૧૪૨/૨૦૨૬

જુલેખાબેન હુસેનભાઈ સરમાળી .....અરજદાર

-: વિરુધ્ધ :-

જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
તણસા ગ્રામ પંચાયત કચેરી.....સામાવાળા

બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે જન્મની નોંધ કરાવવા

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના પુત્ર નામ સરમાળી મકબુલભાઈ હુસેનભાઈ નો જન્મ તા.૦૩/૦૯/૧૯૭૯ના રોજ તણસા મુકામે થયેલ છે, તેમના જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી જન્મ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૦૫/૧૨/૨૦૨૬ ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૨૯/૧૦/૨૦૨૬

તૈયાર કરનાર (જી.ઝેડ.ગોહિલ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા
મુકામલ કરનાર (એચ.જે.સોંડાગર) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા
કોર્ટનો સિક્કો
હુકમથી (એફ.એચ.ચૌહાણ) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા

જાહેર નોટીસ **અરજ.વ.શ્રી.યુ.બી. ગોહિલ.**

ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં

પર. ફોજદારી અરજી નબર : ૧૩૭/૨૦૨૬

ગોહિલ લાલુભા બળવંતસિંહ .....અરજદાર

-: વિરુધ્ધ :-

જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
વાવડી ગ્રામ પંચાયત કચેરી.....સામાવાળા

બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે જન્મની નોંધ કરાવવા

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના કુટુંબી ભત્રીજાના પુત્ર નામ જયરાજસિંહ દિલુભા ગોહિલનો જન્મ તા.૨૦/૦૫/૧૯૭૭ના રોજ વાવડી મુકામે થયેલ છે, તેમના જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી જન્મ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૦૫/૧૨/૨૦૨૬ ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૨૯/૧૦/૨૦૨૬

તૈયાર કરનાર (જી.ઝેડ.ગોહિલ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા
મુકામલ કરનાર (એચ.જે.સોંડાગર) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા
કોર્ટનો સિક્કો
હુકમથી (એફ.એચ.ચૌહાણ) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા

જાહેર નોટીસ **અરજ.વ.શ્રી.યુ.બી. ગોહિલ.**

ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં

પર. ફોજદારી અરજી નબર : ૧૩૮/૨૦૨૬

સોલંકી લખમણભાઈ રુપાભાઈ .....અરજદાર

-: વિરુધ્ધ :-

જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
ગરીબપુરા ગ્રામ પંચાયત કચેરી.....સામાવાળા

બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે મરણની નોંધ કરાવવા

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના ભુત્રીજા નામ રાજુભાઈ જીણાભાઈ સોલંકી નું મરણ તા.૧૦/૦૨/૨૦૦૦ના રોજ ગરીબપુરા મુકામે થયેલ છે, તેમના મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી મરણ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૦૫/૧૨/૨૦૨૬ ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૨૯/૧૦/૨૦૨૬

તૈયાર કરનાર (જી.ઝેડ.ગોહિલ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા
મુકામલ કરનાર (એચ.જે.સોંડાગર) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા
કોર્ટનો સિક્કો
હુકમથી (એફ.એચ.ચૌહાણ) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા

જાહેર નોટીસ **અરજ.વ.શ્રી.યુ.બી. ગોહિલ.**

ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં

પર. ફોજદારી અરજી નબર : ૧૩૯/૨૦૨૬

ગોહિલ કુંવરસિંહ રણુભા .....અરજદાર

-: વિરુધ્ધ :-

જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
તણસા ગ્રામ પંચાયત કચેરી.....સામાવાળા

બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે મરણની નોંધ કરાવવા

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના પિતા નામ રણુભા દોલુભા ગોહિલનું મરણ તા.૦૬/૦૮/૧૯૫૯ના રોજ તણસા મુકામે થયેલ છે, તેમના મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી મરણ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૦૫/૧૨/૨૦૨૬ ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૨૯/૧૦/૨૦૨૬

તૈયાર કરનાર (જી.ઝેડ.ગોહિલ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા
મુકામલ કરનાર (એચ.જે.સોંડાગર) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા
કોર્ટનો સિક્કો
હુકમથી (એફ.એચ.ચૌહાણ) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા

જાહેર નોટીસ **અરજ.વ.શ્રી.યુ.બી. ગોહિલ.**

ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં

પર. ફોજદારી અરજી નબર : ૧૪૦/૨૦૨૬

ઠંઠ ડાયાભાઈ અરજણભાઈ .....અરજદાર

-: વિરુધ્ધ :-

જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
તણસા ગ્રામ પંચાયત કચેરી.....સામાવાળા

બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે મરણની નોંધ કરાવવા

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના કાકા નામ ભીમાભાઈ ભગવાનભાઈ ઠંઠ નું મરણ તા.૧૨/૦૪/૧૯૯૮ના રોજ તણસા મુકામે થયેલ છે, તેમના મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી મરણ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૦૫/૧૨/૨૦૨૬ ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૨૯/૧૦/૨૦૨૬

તૈયાર કરનાર (જી.ઝેડ.ગોહિલ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા
મુકામલ કરનાર (એચ.જે.સોંડાગર) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા
કોર્ટનો સિક્કો
હુકમથી (એફ.એચ.ચૌહાણ) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા


Making Your
Special Moments
More Memorable...
P. T. MEHTA
Mo. - 9998994178
BHAVIN. MEHTA
Mo. - 9998994179
GAYTRI
MANDAP SERVICE
G.O.V.T Approved
Contractor
ISI DOM
Specialist
A trusted name in the field of 'mandap' services
to make your auspicious occasions
memorable and unforgettable.
Wedding Ceremony
Social Events
Corporate Events
Decor & Setup
Office : 84/Bholanath Society, Subhashnagar,
Bhavnagar Off 0278 - 2204179